Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ - સંચાલિત

વર્ષ ૩૧ મું
અંક ૬ઠ્ઠો
સં. ૨૦૪૭
સન ૧૯૯૧
માર્ચ

# પથિક


તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

રાણકીવાવ

ભૈરવ →




(અદ્ભુત શિલ્પ)

વિષ્ણુના અવતાર

હળધર રામ પરશુરામ કલ્કિ

↓



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments From

# VXL INDIA (LTD.)
# (SAURASHTRA CHEMICALS)

PORBANDER

**MANUFACTURERS OF BASIC CHEMICALS**

**SODA ASH LIGHT** : Used by Housewives/Dhobis and other Weaker Sections of the Society as also by Industries like Detergents, Silicate, Soap, Textiles, Aluminium, Dyes etc.

**SODA ASH DENSE** : Used by Ultramarine Blue, Bichromate and Glass Industries.

**SODA BICARB** : Used for Tanning, Printing, Jaggery etc.

**CAUSTIC SODA (LYE)** : Used in Manufacture of Wood Pulp, Soap, Chemical Intermediates, Dyes, Cosmetics, Bleaching, Dyeing & Printing, Textiles, Petroelum Refining, Aluminium Manufacture, Oil Extraction, Paint and Varnish, Mercerizing Cotton.

TELEPHONES : 21735, 36 & 37

TELEGRAM : SAUKEM

TELEX : 0166-201

FAX : 0286-21431

ALWAYS BUY THE BEST AND THE FIRST 'THREE LIONS BRAND' PRODCTS.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાભાર – સ્વીકાર

**૧. સાધનામાર્ગ** (ગુર્જયેફના) – લે. શ્રી માવજી કે. સાવલા, પ્ર. અક્ષર-ભારતી, ૫-રાજગુલાલ શૉપિંગ સેન્ટર, વાણિયાવાડ, ભૂજ–૩૭૦૦૦૧; ક્રા. ૧૬ પેજી પૃ. ૪૭, બીજી આવૃત્તિ, ૧૯૯૧; મૂ. રૂ. ૧૦/–

૧૯૮૬ માં આ પુસ્તિકાની ૧ લી આવૃત્તિ છપાયેલી, એ પછી અપ્રાપ્ય થતાં આ ગંભીર વિષયની આ ૨ જી આવૃત્તિ છાપવામાં આવી છે. પુસ્તિકાનું શીર્ષક જ જીવનને સાર્થક કરવાને માટે માનવીએ શું કરવું જોઈયે એનું સૂચન કરી આપે છે. નાનાં ૭ પ્રકરણોમાં શ્રી સાવલાએ ગુર્જયેફના વિચારો વિશે ખ્યાલ આપતાં 'સંઘર્ષ' 'ભ્રમણા' 'માર્ગ' 'વિકાસશ્રેણીઓ' 'કેન્દ્રો અને ગતિ' 'સ્વ-વિકાસ:સ્વ-સ્મરણ' અને 'જ્ઞાન અને અસ્તિત્વ' આ શીર્ષકો નીચે ગંભીર રીતે સંક્ષેપમાં આપવાનો પ્રયત્ન કર્યો છે. "સામાન્ય રીતે એવું સ્વીકારવામાં આવે છે કે એક મનુષ્ય અસત્યવાદી હોય, સ્વાર્થી હોય, ભરોસો ન કરી શકાય એવો હોય, અનુચિત વ્યવહારવાળો હોય, વિકૃત મનોદશાવાળો હોય અને તેમ છતાં આવો મનુષ્ય મહાન વૈજ્ઞાનિક, મહાન તત્ત્વચિંતક કે મહાન કલાકાર હોઈ શકે. ગુર્જયેફ સ્પષ્ટપણે કહે છે કે આ તદ્દન અશક્ય છે. ઉપર વર્ણવ્યાં એવાં વિરોધાભાસી લક્ષણોને સામાન્ય રીતે મૌલિકતા તરીકે ખપાવવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં એનો અર્થ નબળાઈ છે (પૃ. ૪૪, ૪૫)" ઉ.ત. આપેલ આ એક જ ફકરો ગુર્જયેફની વિશુદ્ધ વિચારસરણીનો ખ્યાલ આપે છે. આવા અનેક નિર્ણયોથી આ પુસ્તિકા ભરેલી છે. અમે શ્રી સાવલાને અને પ્ર. અક્ષરભારતીને આ પ્રકાશન માટે અભિનંદન આપિયે છિયે.

**૨. સોણાંખો** (કચ્છી મૌલિક કાવ્યોનો સંગ્રહ) – લે. ડૉ. વિશનજી નાગડા, પ્ર. શ્રી નાનજી દેઢિયા, સ્પાર્ક પબ્લિશિંગ હાઉસ, ૧૫, રાધેશ્યામ ઍપાર્ટમેન્ટ, જુહૂ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૫૮; ડેમી સિંગલ ૮ પેજી પૃ. ૬+૭૪; ૧૯૯૧; કિં રૂ. ૩૦/–

ડૉ. વશનજી નાગડા જેવા અન્ય વ્યવસાયમાં રચીપચી રહેલા સર્જકનાં આ નાનાં ૬૪ કાવ્યોનો કચ્છીભાષાનું 'ભાષાતત્ત્વ' મૂર્ત કરી આપતો આ સંગ્રહ છે. જન્મે મહારાષ્ટ્રિય, પરંતુ પેઢીઓથી કચ્છી એવા એક વિદ્વાન શ્રી પ્રભાશંકર કડકેના 'જડેં સોણાંખો થિયે તો' શીર્ષકવાળી વિસ્તૃત પ્રસ્તાવનાથી સમૃદ્ધ અને કીંક તાં સ્તે-તરાકે થ્યો હૂ ઘો !' એ આત્મકથનથી મંડિત આ કાવ્યસંગ્રહ અત્યાર સુધી કચ્છી-ભાષામાં પ્રસિદ્ધ કાવ્યસંગ્રહોમાં કેમ જુદી ભાત પાડી આપે છે એ સમઝાવે છે. બંને ગદ્ય લખાણો પણ શિષ્ટ કચ્છીભાષામાં લખાયેલાં છે. અમને તો કચ્છીભાષાનું શિષ્ટ ગદ્ય કેવું હોઈ શકે એનો એ બેઉ લખાણ ખ્યાલ આપતાં અનુભવાય છે. ગદ્યમાં અને કવિના પદ્યમાં કચ્છી સ્વાભાવિક ઉચ્ચારણોને બીબાંમાં બતાવવાની પણ સાવધાની રાખવામાં આવી છે. ક્વચિત્ જોડણીમાં વિસંવાદ છે અને કચ્છીભાષાની જોડણીવાળો વિદ્વ-માન્ય કોશ બહાર ન પડે ત્યાંસુધી એ રહેશે, પરંતુ એ તો સમય આવ્યે થશે, પરંતુ કવિએ કાવ્યોમાં આ વિશે સાવધાની રાખી છે તે અભિનંદનને પાત્ર છે. કચ્છી વાચકો આ કાવ્યોનો આસ્વાદ માણે એવી પ્રાર્થના. આ સંગ્રહ માટે ડૉ. નાગડાને અભિનંદન.

**૩. સ્મરણિકા દશાબ્દી વિશેષાંક** – પ્ર ધ્રાંગધ્રા ઈતિહાસ સંશોધન મંડળ, ધ્રાંગધ્રા (૩૬૩૩૧૦); ક્રા. ૮ પેજી પૃ. ૬૮; ૧૯૯૦

તા. ૨૬–૪–૧૯૭૯ એ સ્થપાયેલા 'ધ્રાંગધ્રા ઈતિહાસ સંશોધન મંડળ'નો આ દશાબ્દી વિશેષાંક છે. એનો સમાદર કરતાં આનંદ થાય છે આચાર્ય શ્રી શંકરભાઈ દવેના પ્રમુખ સ્થાને કામ કરતા આ મંડળનો આ 'સર્વસંગ્રહ' કહી શકાય એવો અહેવાલ આપે છે. આમાં અપાયેલા સ્વતંત્ર લેખો પણ ઈતિહાસક્ષેત્રે માર્ગદર્શક જેવા છે. ડૉ. આર. જી. પરીખ, કે. કા. શાસ્ત્રી, ડૉ. રમણિકલાલ મારુ, ધીરજલાલ મણિયાર, પુષ્કર ચંદરવાકર, કાંતિલાલ ત્રિપાઠી આ વિદ્વાનોના લેખો ઉપરાંત મંડળે યોજેલા પ્રવાસો વગેરેની માહિતી પણ સુલભ છે પ્રકાશન માટે મંડળને અભિનંદન.

— તંત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

• 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

• પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

• કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

**• કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

• 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

• અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

• નમૂનાના અંકની નકલ માટે ૩–૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો પથિક કાર્યાલય, મધુવન, એલિસબ્રિજ અમદાવાદ–૩૮૦૦૦૬**

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.30/-
પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. ૪/-
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત
વર્ષ ૩૦ ] ફાગણ, સં. ૨૦૪૭ : માર્ચ, સને ૧૯૯૧ [ અંક ૬ ઠ્ઠો

## અનુક્રમ

| | | |
|---|---|---|
| સાભાર સ્વીકાર | તંત્રી પૂંઠી | ૨ |
| જામનગર રાજ્ય પ્રજા પરિષદની લડત | પ્રો. મહેબૂબ દેસાઈ | ૫ |
| ભારતીય શિલ્પ અને ચિત્રકલામાં હાસ્યપ્રેરક દૃશ્ય | પ્રો. થૉમસ પરમાર | ૧૧ |
| બે ઐતિહાસિક પાળિયા | ડૉ. એલ. ડી. જોશી | ૧૩ |
| બંગભંગની ચળવળમાં ગુજરાતનું પ્રદાન | પ્રો. કિરીટ પટેલ | ૧૫ |
| સૌરાષ્ટ્રમાં ગૂહિલો | અધ્યા. કે. કા. શાસ્ત્રી | ૨૧ |
| મહારાણી ઉદયમતિની વાવ | શ્રી કાંતિલાલ ત્રિપાઠી | ૨૩ |

## વૃત્તપત્રના કાયદા પ્રમાણે 'પથિક' માસિક સંબંધી હકીકત

(ફૉર્મ નિયમ ૮ પ્રમાણે)

(૧) પ્રકાશન –સ્થળ : મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

(૨) પ્રકાશનની મુદત : માસિક

(૩) મુદ્રકનું નામ : પ્રો. કેશવરામ કાશીરામ શાસ્ત્રી
રાષ્ટ્રિયતા ભારતીય છે ? હા
સરનામું : ઉપરના (૧) પ્રમાણે

(૪) પ્રકાશકનું નામ, રાષ્ટ્રિયતા, સરનામું : ઉપરના (૩) પ્રમાણે

(૫) તંત્રીનું નામ, રાષ્ટ્રિયતા સરનામું : સદર

(૬) વૃત્તપત્રના માલિકો : સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

હું, કેશવરામ કાશીરામ શાસ્ત્રી, જણાવું છું કે ઉપર જણાવેલી વિગતો મારા જાણવા તથા સમજવા પ્રમાણે સાચી છે. તા. ૧–૩–૧૯૯૧

કેશવરામ કાશીરામ શાસ્ત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[અનુસંધાન પાન ૨૮ થી]

વિષકન્યાઓ, સદ્યસ્નાતા જે નગ્ન છે, જેમાં કોઈ કપડાં ઉતારી રહી છે, તો કોઈ સર્પ સાથે ખેલી રહી છે, તો કોઈ નગ્નની જંઘા ઉપર વિષનાગ લપટાયેલો છે, તો કોઈ એક નાગકેણ પકડી છે. ત્યારબાદ અપ્સરા ઘૂંઘટ બાંધી રહી છે, ત્યારબાદ વિષ્ણુ સાથે પાર્વતી, ઋષિ અપ્સરા, ત્યારબાદ પાર્વતી અગ્નિ સાથે, કૃષોદરી ચામુંડા, ત્યારબાદ દીવાલના છેક નીચેના ભાગે જોઈશું તો અપ્સરાઓ, વિષ્ણુ હયગ્રીવ એટલે વિષ્ણુનો અવતાર જોવા મળે છે. ત્યારબાદ આગળ વધતાં, મધ્ય ભાગે દીવાલની સૌથી ઉપરના ભાગે, શિલા ઉપર શિવસ્વરૂપી નંદી બેઠેલ છે, ઇંદ્ર પણ જે શિવસ્વરૂપે, ઈશાન, દિક્‌પાલ, પોતાની પત્ની સાથે કુબેર, ધન્વંતરિ, હનુમાનજી એક પગ નીચે બે પનોતીઓને દબાવેલી છે તેવા; આવું દશ્ય આ સ્થળે જ જોવા મળે છે. મોટા ભાગે એક જ પનોતી હોય છે. ઉત્તર-પશ્ચિમે માટીના ઘડા ઉપર બેઠેલા બ્રહ્મા, વિષ્ણુ જેની બંને બાજુ હાથીઓ, તદુપરાંત વિષ્ણુ મહેશ, અપ્સરાઓ, જેવી કે કોઈ ઘૂંઘરા બાંધી રહી છે, કોઈ બંસરી બજાવી રહી છે, તો કોઈ વેણુવાદન કરી રહી છે તેમજ સાધુ, એની નીચે વચલા ભાગમાં જોઈશું તો બ્રહ્મા વિષ્ણુ મહેશ સાધુ, અપ્સરાઓ કે જેમાં એક વાંદરું એક સુંદરીના પગ ઉપર ચડી જતાં, એનાં વસ્ત્રો ખસી જતાં પોતે ઠીક કરી રહી છે, તો કોઈ અપ્સરા દર્પણમાં મોં જોઈ રહી છે, તો કોઈ હોઠ ઉપર કંઈક લગાવી રહી છે. કોઈ કાન ખોતરી રહી છે, તો કોઈ સ્નાન કર્યા બાદ એનાં ભીનાં વસ્ત્રો શરીરે ચોંટી જતાં અંગ દેખાઈ રહ્યું છે અને પોતે પોતાના વાળ સૂકવી રહી છે. તથા વાળમાંથી ટપકતા પાણીને મોતી સમજી હંસ પાણીનાં ટપકાં પી રહ્યો છે, તો કોઈ પોતાનાં મોટાં સ્તનો દેખાઈ ન જાય એ કારણે કાંસકાની આડમાં ઢાંકી રહી છે. ત્યારબાદ છેક નીચેના ભાગમાં જોઈશું તો વિષ્ણુ અને મહેશ પોતાની પત્નીઓ સાથે છે. ગણેશજી તેમજ વિષ્ણુ-લક્ષ્મી, શંકર-પાર્વતી, બ્રહ્મા-બ્રહ્માણી વગેરે છે, જે મૂર્તિઓ ખવાઈ ગયેલી છે. એની નીચે શિવ-પાર્વતી, ત્યારબાદ આગળ વધતાં છેવાડાના ભાગમાં એટલે કે વાવમાંથી બહાર નીકળવાના સ્થાન ઉપર પ્રવેશદ્વાર પાસેની ઉત્તરી દીવાલનો સૌથી ઉપરના ભાગ વચ્ચેનો ભાગ ખાલી છે. છેક નીચેના ભાગે ક્ષીરસાગરમાં પોઢેલા શેષશાયી વિષ્ણુ ભગવાન તથા કાર્તિકેય અને કાર્તિકેયી છે.

આ વાવને આ રીતે સંપૂર્ણ જોતાં વાવમાં દશ અવતારોને બદલે ફક્ત આઠ જ અવતાર બતાવેલા છે. મત્સ્ય તથા કૂર્મ અવતાર કેમ દર્શાવેલા નથી એ એક પ્રશ્ન ઉદ્‌ભવે છે ખરો! વાવનાં કેટલાંક સ્થાનોના પથ્થરોમાં સ્વસ્તિક કમળ વગેરેની કલાત્મક જાળીઓ, કિન્નરો, હાથી સાથે મલ્લો મહાવતો, વાનર-પરિવારમાં કીર્તિમુખો, સિંહ, સૂતેલી ભેંસો, હાથીનું ગુસ્સે થવું વગેરે દશ્યો, સ્તંભોમાં કીચકો, ઘટપલ્લવો, માનવો. અર્ધ ગોળાકાર ભાગ દર્શાવી એમાં જાનવરો માનવો કિન્નરો પશુ પક્ષીઓ વગેરે કોરેલાં જોયાં અને વાવની દીવાલોના ખૂણાઓમાં સાધુઓ અને નૃત્યાંગનાઓ પણ જોવા મળ્યાં. વાર્તાઓ તરીકે જોઈશું તો શિલ્પોમાંથી વાંદરો અને મગર, સર્વદમન એટલે કે દુષ્યંત-શકુંતલાનો પુત્ર (ભારત) સિંહના દાંત ગણે છે.

સંશોધનમાં મૂર્તિઓ ઉપરથી એના શિલ્પકારો-મૂર્તિકારોનાં નામ મળે છે, જેવાં કે મહિપાલ સહદેવ તજદેવ બુદ્ધ રંથક કાકલ્ય વાગુલમ રામ ચંદ્રમા વગેરે. વાવનાં સમસ્ત શિલ્પોનો અભ્યાસ કરતાં લાગે છે કે પ્રતિમાવિધાન મુજબ રંગ વાપરવામાં આવેલો હતો; જેમકે મોટા ભાગે લાલ તથા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળો દેવી-દેવતાઓ માટે વપરાતો હતો તેમ આ સ્થાને લાલ ગેરુ તથા સફેદ ખડી અને કાળો રંગ વાપરેલા હતા એમ દેખાઇ આવે છે. હવે આપણે વાવની બહાર નીકળી બહાર કૂવાને અડીને ઊભી કરેલી મૂર્તિઓને જોઈશું.

સૌ-પ્રથમ જમણા હાથ તરફથી એટલે કે દક્ષિણ દિશાથી ઉત્તર તરફ જઈશું તો કીર્તિકળશ, ઘટપલ્લવ, કમંડળ સાથેના ઋષિગણો, શિવ પાર્વતીનાં વિભિન્ન સ્વરૂપો, બ્રહ્મા-બ્રહ્માણી વારાહ-વારાહી વિષ્ણુ-લક્ષ્મી, શેષશાયી વિષ્ણુ, સ્વસ્તિક નાગ પાર્વતી, ઉમા ગણેશ વિષ્ણુ, કમંડળસહ એકશૃંગી ઋષિ, હાથી ઇંદ્ર બ્રહ્મા વિષ્ણુ મહેશ ગણેશની ઇંદ્ર પુજા કરી રહ્યા છે. સાથે મંજીરાં ઢોલક પખવાજવાળા, ત્રિસ્વરૂપ ત્રિમુખી બ્રહ્મા, વિષ્ણુ મહેશ, ડમરુ સાથેની નાગિની, ડમરુ સાથેની અપ્સરા વગેરે મૂર્તિઓ છે.

આ ઉપરાંત વાવના કૂવાના છેક નીચેના ભાગમાંથી સાતમા માળેથી ત્રાંબાનું શિવલિંગ તથા મંત્ર મળી આવેલ છે તે તૂટેલ અવસ્થામાં છે. યોનિનો ભાગ છે, પરંતુ એમાં લિંગ નથી, સ્થાન ખાલી છે. એ સ્થાન ઉપર બાકોરું છે. કદાચ એમાં એ માપનું લિંગ જરૂરતે બેસાડવાનું હશે. યંત્ર જૈન હોય એમ લાગે છે, જે સાદું છે, એમાં કોઈ અક્ષરો યા યંત્રની ડિઝાઈન નથી. યંત્ર બનાવતાં અને અધૂરું રહેતાં ફેંકી દીધેલું લાગે છે. હિંદુધર્મમાં માન્યતા એવી છે કે તૂટેલ મૂર્તિઓની યા દેવસ્થાનની વસ્તુઓની પૂજા ન થતાં એ કોઈના હાથમાં ન જાય એ માટે એ મોટા ભાગે અવડ હોય તેવા કૂવામાં પધરાવી દેવામાં આવે છે. એ રીતે અવડ એવી આ વાવમાં-કૂવામાં કોઈએ પધરાવેલ હશે.

આ ઉપરાંત પાટણના રાજા ભીમદેવ પહેલાની **પટરાણી ઉદયમતિની પ્રતિમા** સફેદ આરસમાં ૧૫×૧ ફૂટના માપમાં કોરેલી પણ છેક કૂવાના નીચેના ભાગમાંથી મળી આવી છે. સંશોધનની દૃષ્ટિએ આ પ્રતિમાનું ખાસ મૂલ્ય નથી, કેમકે વાવમાં એ પ્રતિમાના માપનું કોઈ સ્થાન ખાલી નથી. શિલ્પો બધાં પથ્થરનાં છે, જ્યારે આ સફેદ આરસની છે એટલે તદ્દન ભિન્ન પડતી હોઈ એ સમયની નથી એમ સ્પષ્ટ થાય છે, એટલે કે પાછળથી કોઈ હિતેચ્છુએ બનાવી કૂવામાં નાખેલી હશે! એ પ્રતિમાની છેક નીચે, બંને છેડાઓને છોડી, વચલા ભાગમાં, દેવનાગરી લિપિમાં શબ્દો કોતરેલા છે, જેમાં શરૂઆતનો 'ન' અડધો તૂટેલો છે. મહારાણીની આજુબાજુ બે સેવિકાઓ છે, જેમાં એક ડાબા હાથની સેવિકા બે હાથે રાજછત્ર પકડીને મહારાણીના શિર ઉપર રાજછત્ર ધરેલી ઊભેલી છે. બીજી સેવિકા એની પ્રશસ્તિ ગાતી ઊભેલી છે. મહારાણીનું કપાળ સંપૂર્ણ રીતે મોટું દેખાય એવી રીતે શિર ઉપરના કેશ સુંદર રીતે ઓળેલા હોય તેવા આવેલા છે. કપાળમાં ચાંદલો છે. કટિમેખલા ધારણ કરેલી છે. હસતે મોઢે, આંખો નીચી ઢાળીને, મહારાણીએ જમણો પગ જમીન ઉપર મૂકેલી ગાદી ઉપર ટેકવેલો છે અને ડાબો પગ વળાંક સાથે બેસવાની ગાદી ઉપર રાખેલો છે. ગળામાં સોનાની ખૂબ જાડી એવી ચાર શેરની કંઠી પહેરેલી છે અને બીજો ખૂબ જાડો ત્રણ શેરનો ઠેઠ નાભિ સુધી લટકતો સોનાનો હાર પણ પહેરેલો છે. એણે બંને કાનની ઉપરના ભાગમાં ચાર લાઇનમાં હીરા-મોતીથી મઢેલા આભૂષણની સાથે કાન નીચે લટકતાં ડમરુ આકારનાં સોનાનાં કુંડળ-સમાં આભૂષણ પહેરેલાં છે. ખભા નીચેના બંને હાથો ઉપર સોનાનાં મણકા-આકારનાં ગોળાકાર કડાં તેમજ હાથનાં કાંડાં ઉપર સોનાનો પોંચો બંગડીઓ તેમજ બંને પગમાં સોનાનાં જાડાં સાંકળાં તથા પગના પોંચા પહેરેલા છે. કેડ ઉપર સોનાની કટિમેખલા ધારણ કરેલી છે. શરીર ઉપર બારીક વસ્ત્ર રેશમી જેવું પહેરેલું છે. પ્રતિમાની નીચેના ભાગમાં ગાદીની નીચેના ભાગમાં બંને છેડે બંને બાજુ મંગલ વાદ્ય



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંજીરા વગાડતી ને શૂંગળ વગાડતી બે સેવિકાઓ બેઠેલી છે અને વચ્ચેના ભાગમાં ડાબા પગની નીચે બેઠેલી સેવિકા પ્રાર્થના કરી રહી હોય એમ લાગે છે. આ મૂર્તિના પગ તેમજ અન્ય ભાગો ખંડિત પણ છે.

અંતે ધરતી તો વારાફેરા કરતી જ હોય છે. વ્યક્તિ અને સ્થળોનો ઉદય જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે એના વિનાશ અર્થે કોઈ ને કોઈ કારણ–નિમિત્ત બની કલંક વહોરતું જ હોય છે. રાણીની વાવ મોટા પ્રચંડ પૂરને કારણે એનાં રેતી અને કાંપ કચરાના ઢગથી પુરાઈ ગયેલી હતી. ત્યારબાદ એના ઉપર વર્ષો વીતતાં અન્ય રેતી તથા કચરો વધુ ને વધુ ઠલવાતાં ખાવ ઉપર રહી ગયેલા વાવના ઘૂંમટ, એકાદ બે માંડવીઓ, પ્રવેશદ્વાર વગેરે પણ ધોવાણથી ધોવાઈને ભીખડી પડતાં, તણાઈ જતાં નાશ પામેલ હોઈ શકે. એના રહ્યાખહ્યા બચી રહેલા અવશેષ (સં. ૧૮૧૨ પછી) શિલ્પો પથ્થરો ખંભાઓ વગેરે નકામા છે એમ માની જેને જરૂરત હતી તે લોકો ઉઠાવવા લાગ્યા ! કોઈએ પોતાના નામનું નવીન સ્થાપત્ય બાંધવા આ વાવના દેખાતા બહારના તમામ પથ્થરો સ્તંભો આખો ને ઉઠાવી, ત્યાંથી ખસેડી લઈ એ વાવનાં પથ્થરો અને ખંભીઓથી નવીન વાવ બાંધેલી, જે 'બહાદુરસિંગ બારોટની વાવ' તરીકે ઓળખાવા લાગી."

અંતમાં એટલું જ કે અગિયારમી સદીના બીજા ચરણમાં શાસ્ત્રોની પરિપાટી મુજબ બંધાયેલી 'મહારાણી ઉદયમતિની વાવ'નું ભાસ્કર્ય–કલાસ્થાપત્ય એ સમયમાં ગુજરાતમાં તો ખરું જ, ઉપરાંત ભારતવર્ષ ભરમાં પણ અજોડ હતું, સર્વોત્કૃષ્ટ કલાસંસ્કૃતિનું પ્રતીક હતું.

ઠે. વાડી, હનુમાનપોળ, 'સવિતાસદન', વડોદરા–૩૯૦૦૧૭

---

સ્થાપના : તા. ૧૧–૧૦–૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બેન્ક, લિ.

રજિ. ઓફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪

૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧

૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૧૪

૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨

૫. ગોરવા શાખા, જકાતનાકા પાસે, વડોદરા ટે.ન. ૩૨૮૩૪૯

દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : ફીકાભાઈ પટેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જામનગર રાજ્ય પ્રજાપરિષદની લડત

પ્રો. મહેબૂબ દેસાઈ

મૂળ નવાનગર[1] અને હાલ જામનગર તરીકે ઓળખાતા સૌરાષ્ટ્રના આ દેશી રાજ્યમાં ઈ. સ. ૧૯૦૭માં જામ રણજિતસિંહ ગાદી પર આવ્યા હતા. જામ રણજિતસિંહ પ્રખ્યાત ક્રિકેટિયર હતા, પણ પ્રજા પર ભારે કરવેરા નાખી અપ્રિય થયા હતા. ઈ. સ. ૧૯૩૩માં ૬૦ વર્ષની ઉંમરે અવિવાહિત જામસાહેબનું અવસાન થયું.[2] જામ રણજિતસિંહ પછી એમના ભત્રીજા દિગ્વિજયસિંહ ઈ. સ. ૧૯૩૩માં ગાદી પર આવ્યા. એમણે ઈ. સ ૧૯૪૮ સુધી શાસન કર્યું. એમના શાસનકાલ દરમ્યાન પણ પ્રજાજાગૃતિને દાબી દેવાનાં વિવિધ પગલાં લેવામાં આવ્યાં.

રાષ્ટ્રિય સ્વાતંત્ર્ય-ચળવળની સૌરાષ્ટ્રનાં અન્ય દેશી રાજ્યોની જેમ જ જામનગર રાજ્યમાં પણ અસર થઈ હતી. પ્રજામાં આવેલ જાગૃતિને કારણે જામનગર રાજ્યની પ્રજા પણ રાજકીય પ્રવૃત્તિઓમાં રસ લેવા લાગી હતી. ઈ. સ. ૧૯૨૯માં પંડિત જવાહરલાલ નહેરુના અધ્યક્ષસ્થાને રાજકોટમાં મળેલ કાઠિયાવાડ યુવક પરિષદમાં[3] ભાગ લેવા જામનગરની પ્રજા થનગની રહી હતી, પરંતુ કાઠિયાવાડ યુવક પરિષદમાં પોતાના રાજ્યની પ્રજા ભાગ ન લે એ માટે મહારાજા જામ રણજિતસિંહે કડક પગલાં લીધાં હતાં.[4]

સ્વાતંત્ર્ય-ચળવળના એ યુગમાં પ્રજાજાગૃતિને લાંબા સમય સુધી દમનના હથિયારથી દાબી રાખવી શક્ય ન હતી. જામનગર રાજ્યની તાનાશાહી નીતિને કારણે પ્રજા પર થતા અત્યાચારોના વિરોધમાં પ્રજાજાગૃતિ અસ્તિત્વમાં આવી રહી હતી. એવા સમયે શ્રી મગનશી રૂપશી, શ્રી ગોકુળદાસ હીરજી અને શ્રી રામલાલ નામની નિર્દોષ વ્યક્તિઓ પર જુલ્મ આચરી એમને રાજ્યે કેદમાં પૂર્યા. આ ઘટનાના પડઘા સૌરાષ્ટ્રમાં ગંભીર પ્રત્યાઘાત પડ્યા. શ્રી અમૃતલાલ શેઠ, શ્રી બળવંતરાય મહેતા, શ્રી ફૂલચંદભાઈ કોઠારી વગેરે જેવા કાઠિયાવાડના ૩૦ અગ્રગણ્ય આગેવાનોએ જામનગરના આ ત્રણે નિર્દોષ નાગરિકો પર થયેલા અત્યાચાર સામે 'જામનગર બેડીબંદર સત્યાગ્રહ'માં જોડાવા એક અપીલ બહાર પાડી હતી. આ અપીલમાં જણાવવામાં આવ્યું હતું કે "જામનગર રાજ્યના અન્યાય અને જુલ્મોનો શિકાર થઈ પડેલા એ ત્રણે નિર્દોષ જુવાનોને નામે કાઠિયાવાડના જાહેર જીવનને રૂંધવાનો જે અઘટિત પ્રયત્ન આ પગલા દ્વારા જામનગર કરી રહ્યું છે તેની યાદ આપીને અને બેજવાબદાર રાજ્યોને લોકમતને માન આપતાં કરવાને આ અસરકારક માર્ગ અવશ્ય લેવો જોઈએ, એ વાત સૌના લક્ષ પર લાવીને સમસ્ત કાઠિયાવાડ વતી કાઠિયાવાડના તમામ દેશપ્રેમી વેપારીઓની પાસે અમે માનપૂર્વક માગીએ છીએ કે એઓ જામનગર બંદરથી આવતો તમામ માલ લેવો બંધ કરે. કાઠિયાવાડનાં તમામ પ્રજાજનોને અમે વીનવીએ છીએ કે એઓ જામનગર બંદરથી આવતો માલ ખરીદવાનું બંધ કરે."[5]

આમ સમગ્ર સૌરાષ્ટ્રના આગેવાનો જામ રણજિતસિંહની અત્યાચારી શાસનનીતિ સામે લડતે ચડ્યા, આથી જામનગરની પ્રજાને પણ પોતાના અધિકારોની પ્રાપ્તિ માટે જેહાદ જગાડવાનાં પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત થયાં. પરિણામે જામનગર પ્રજામંડળની કાર્યવાહક સમિતિની બેઠક બોલાવવામાં આવી, જેમાં ૬, ૭ ઑગસ્ટ, ૧૯૩૧ના રોજ મુંબઈ મુકામે જામનગર પ્રજાપરિષદનું પ્રથમ અધિવેશન ભરવાનું નક્કી કરવામાં આવ્યું. સ્વાગત-સમિતિના સભ્યોની ચૂંટણી કરવા જામનગર પ્રજામંડળની કાર્યવાહક સમિતિ અને પ્રજાપરિષદની સ્વાગત સમિતિની સંયુક્ત સભા ૨૩ જુલાઈ, ૧૯૩૧ના રોજ બોલાવવાનું પણ આ જ બેઠકમાં નક્કી થયું.[7]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ જામનગર રાજ્ય પ્રજાપરિષદના પ્રથમ અધિવેશનની તડામાર તૈયારીઓ જામનગર અને મુંબઈમાં શરૂ થઈ. જામનગર રાજ્યે એને તોડવાના શક્ય પ્રયાસો પણ શરૂ કર્યા, પરંતુ એમાં એને કોઈ ખાસ સફળતા પ્રાપ્ત થઈ નહિ, કારણ કે અધિવેશનનું સ્થળ જામનગર બહાર મુંબઈમાં હતું. ૬ ઑગસ્ટ, ૧૯૨૧ ના રોજ મુંબઈ મુકામે જામનગર પ્રજાપરિષદનું પ્રથમ અધિવેશન થયું. પરિષદના પ્રમુખશ્રી જમનાલાલ મહેતા હતા, જ્યારે સ્વાગત-પ્રમુખ શ્રી. વિઠ્ઠલદાસ દામોદર ગોવિંદજી હતા. પ્રમુખ અને સ્વાગત-પ્રમુખે પોતાના વક્તવ્યમાં જામનગર રાજ્યના શાસક જામ રણજિતસિંહની જુલ્મી અને અત્યાચારી નીતિને વખોડી કાઢી હતી. સ્વાગત-પ્રમુખશ્રી વિઠ્ઠલદાસ દામોદર ગોવિંદજીએ પોતાના પ્રવચનમાં કહ્યું કે "જામસાહેબ રણજિતસિંહજીએ ગાદી પર આવી, પ્રજાને રાજ્યતંત્રની કેળવણી આપી જવાબદાર રાજ્યતંત્ર આપવાને બદલે પ્રજાને તદ્દન દબાવી દીધી છે. પચીસ વર્ષ એમને ગાદી પર આવ્યે વીતી ગયાં છે છતાં પ્રજામતને કચડી નાખવા સામ દામ દંડ અને ભેદ એ સર્વેનો ઉપયોગ એમણે કર્યો છે."[૮]

પ્રજાપરિષદના પ્રમુખશ્રી જમનાલાલ મહેતાએ પણ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે "જ્યાં રાજા લખલૂટ ખર્ચ કરે છે, જ્યાં કરના બોજા અસહ્ય છે, જ્યાં જિંદગીની જરૂરિયાતોના ઇજારા અપાય છે, જ્યાં પ્રજાની સ્વતંત્રતાનું સતત દમન કરવામાં આવે છે, જ્યાં રાજાના અંગત ફાયદાને કાયદો ગણવામાં આવે છે ત્યાં લોકોની ઇચ્છા પ્રમાણે રાજ્યતંત્ર ચાલે એ સ્વપ્નું છે. બેજવાબદારી એ જામસાહેબનો મુદ્રાલેખ છે. જોહુકમી એ જામસાહેબનું બીજું નામ છે. વિલાયતમાં મેળવેલ ઉચ્ચ શિક્ષણ અને જિંદગીભરની યુરોપની મુસાફરીઓથી જામસાહેબના માનસમાં યત્કિંચિત્ ફેરફાર થશે એવી આશા રાખવી એ કેવળ કાલક્ષેપ કરવા જેવું છે."[૯]

આ અધિવેશનમાં કુલે ૧૪ ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા, જેમાં સર્વપ્રથમ અગત્યનો ઠરાવ જવાબદાર રાજ્યતંત્રને લગતો હતો. આ અંગે જણાવવામાં આવ્યું હતું કે "નવાનગર સંસ્થાનની પ્રજા માટે સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર અને લોકસત્તાત્મક રાજતંત્ર મેળવવું એ આ પરિષદનું મુખ્ય ધ્યેય છે."[૧૦]

આ ઉપરાંત જામસાહેબ એક લાખનું સાલિયાણું સ્વીકારે, ઇજારા-પદ્ધતિ કાઢી નાખે, તત્કાળ રાજ્યમાં ધારાસભા સ્થાપે, વિલાયતની ખર્ચાળ સફરો બંધ કરે અને પ્રજાના ફન્ડનો જાહેરમાં હિસાબ આપે વગેરે પ્રજાકીય ઠરાવો પણ આ પરિષદમાં પસાર કરવામાં આવ્યા હતા. અધિવેશન પછી જામનગરના આગેવાનોએ ઠરાવોના અમલીકરણ માટે સક્રિય પ્રયાસો પણ હાથ ધર્યા હતા.

આમ જામસાહેબના જુલ્મો-અત્યાચારો સહન કરતી જામનગરની પ્રજામાં ચેતના પ્રગટી. આ ચેતનાને જીવંત રાખવામાં જામનગર રાજ્ય પ્રજાપરિષદના આગેવાનો સતત જાગ્રત રહ્યા હતા. જામનગર રાજ્ય પ્રજા પરિષદના પ્રથમ અધિવેશન પછી અસ્તિત્વમાં આવેલ રાષ્ટ્રવ્યાપી મીઠા-સત્યાગ્રહ-(૧૯૩૦-૩૨)માં જામનગરની પ્રજા તેમ આગેવાનોએ પોતાનો ફાળો નોંધાવ્યો હતો.[૧૧] મીઠા-સત્યાગ્રહ પછી સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં જવાબદાર રાજ્યતંત્ર માટેની લડત શરૂ થઈ હતી. આ સમયે જામનગરમાં પણ પ્રજા જાગ્રત બની હતી, આથી જવાબદાર રાજ્યતંત્રની લડત પોતાના રાજ્યમાં ચલાવવા જેટલી નૈતિક હિંમત જામનગરની પ્રજાએ કેળવી હતી. જામનગરના આગેવાનોએ આ સમયે જામનગરમાં જ જામનગર પ્રજાપરિષદનું અધિવેશન ભરીને જવાબદાર રાજ્યતંત્રની માગણી જામસાહેબ દિગ્વિજયસિંહજી પાસે કરવાનું નક્કી કર્યું. જામનગરના કાર્યકરો અને આગેવાનોએ પ્રજાપરિષદના પ્રચારનું કાર્ય ઉપાડી લીધું. પ્રજાના આ જુવાળને દાબી દેવા જામસાહેબે અત્યાચારનું હથિયાર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાડ્યું. પરિષદના કાર્યકરો જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં રાજ્યના ગુંડાઓ એમને મારીને ભગાડી મૂકતા. શ્રી શાંતિલાલ દલાલ નામનો એક જુવાન જામનગર રાજ્યનાં આટકોટ-તરફી ગામડાંઓમાં પરિષદનો પ્રચાર કરતો હતો તેને ગુંડાઓએ આંતર્યો ને માર મારી ધમકી આપી કે "પરિષદનું કામ છોડી દે, નહિ તો તારી ખેર નથી." ૨૫ જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ જામનગરના યુવકો શ્રી રૂપશી નજરઅલી, શ્રી કેશવલાલ કુંડળિયા, શ્રી લાલજીભાઈ, શ્રી ચુનીલાલ પોપટ, શ્રી મગનલાલ ચાંદલિયા વગેરે પરિષદના પ્રચારાર્થે ભાણવડ ગયા હતા ત્યાં સભા ભરી ત્યારે ત્યાં પણ રાજ્યના ગુંડાઓ તૂટી પડ્યા. એમણે યુવકોને તેમજ સ્થાનિક કાર્યકરો શ્રી બાબુભાઈ ઘેલાણી અને શ્રી દલપતભાઈને એવો માર માર્યો કે એમને જામનગરની હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. લોકો જામસાહેબ પાસે આ અંગે દાદ માગવા ગયા તો દાદને બદલે ડામ આપતા જામસાહેબે કહ્યું : "મને પણ સત્યાગ્રહ આવડે છે, હું કૂવા દવાખાનાં બધું જ બંધ કરાવી દઈશ."[૧૨]

આ જ રીતે જામનગર પ્રજાપરિષદનો પ્રચાર કરવા ગયેલ જામનગરના અગ્રગણ્ય સેનાની શ્રી લવલપ્રસાદ ફૂલચંદ શાહ('૯૦૧ થી ૧૯૮૩)[૧૩]ને ધુતારપુરમાં ગુંડાઓએ સખત માર મારી બેભાન કરી મૂક્યા હતા. કાલાવડમાં પરિષદનો પ્રચાર કરવા ગયેલા બે સ્વયંસેવકો શ્રી શંકરલાલ અને શ્રી કનુભાઈને પોલીસોએ સીસાના ગઠ્ઠાવાળી લાકડીથી એવા તો માર્યા કે એ બેભાન બની ગયા. એ સ્થિતિમાં જ એમને ઢસરડીને ખાડામાં નાખી દેવામાં આવ્યા. ભાનમાં આવ્યા પછી પણ એઓનાં સાથળ પગ અને કમર વગેરે એવાં સોજી ગયેલાં કે એઓ ચાલી શકે એમ ન હતું. આસપાસનાં ગામડાંના લોકોએ એમને ગાડામાં નાખી ગામમાં પહોંચતા કર્યા હતા. એ જ રીતે ખાનકોટડાના પટેલ મૂળજીને ઉતારે બોલાવી પોલીસોએ એમને નેતરની સોટી ને ગડદા-પાટુથી માર મારી અધમૂઆ કરી નાખ્યા. શ્રી અમરશીભાઈને તો એક પસાયતો છરી લઈ મારવા દોડ્યો હતો. જો બીજા સાથીદારો વચ્ચે ન પડ્યા હોત તો અમરશીભાઈના રામ રમી જાત, બાલંભા વિભાગમાં તો રેવન્યુ કમિશ્નર શ્રી. ધનજીભાઈએ પોતે જુલ્મો કરવામાં કશું બાકી રાખ્યું ન હતું. પરિષદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર બે પટેલો રણછોડ પાંચા અને કેશવજી ડાહ્યાને નેતરની સોટીઓથી ફટકારી ગડદા-પાટુ મારવામાં આવ્યાં હતાં. કેશવજીને એની જ પાઘડીથી બાંધી ઊંધે માથે લટકાવ્યો હતો અને ધમકી આપતા કહેલું કે "પરિષદની ચળવળમાં ભાગ લેશો તો તમારાં ઘર પણ બાળી નાખીશું."[૧૪]

રાજ્યના આવા અમાનુષી અત્યાચારો છતાં જામનગર રાજ્ય પ્રજાપરિષદના કાર્યકરોએ પરિષદના પ્રચારનું કાર્ય ચાલુ રાખ્યું હતું. પરિષદના કાર્યકરો પરિષદની પ્રચારસભાઓમાં જામસાહેબના કુટુંબની અંગત ટીકાઓ કરે છે એવી વાત સરદાર પટેલને કાને ગઈ, આથી એમણે જામનગરના આગેવાન શ્રી વીરચંદભાઈ શાહને ૧૭-૧-૧૯૩૯ ના પત્ર દ્વારા પરિષદના પ્રચારમાં મર્યાદા જાળવવા અંગે લખતા જણાવ્યું કે "જામનગરમાં આપણા કાર્યવાહકો પૈકી કેટલાક મર્યાદા છોડી જામસાહેબની અને એમના કુટુંબની અંગત ટીકાઓ અને અયોગ્ય ચેષ્ટાઓ કરે છે. કોઈ પણ રાજ્યમાં આ પ્રકારનો પ્રચાર થાય તો એ રોકવો એ આપણું કર્તવ્ય છે. મને લાગે છે કે જામનગરમાં આપણા કાર્યવાહકો સીધા રહેશે તો આપણો માર્ગ સરળ કરી શકીશું. કામ બગડવું જોઈએ નહિ. જામનગરની વસ્તુસ્થિતિ જાણવાની અને આપણે શું કરવું જોઈએ એ નક્કી કરવાની જરૂર છે. એ ખાતર તમે જામનગરના મુખ્ય કાર્યકર્તાઓ ભાઈ ગોકળદાસની સાથે મસલત કરી, કોણ કોણ છે એ નક્કી કરી, દસ-પંદર આગેવાનોને લઈ તા ૨૪ થી ૨૯ સુધીમાં એક દિવસ અહીંયાં આવી જશો. ભાઈ લવલપ્રસાદને સાથે લેતા આવશો."[૧૫]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પત્ર મળતાં જામનગરના આગેવાનો શ્રી વીરચંદભાઈ શાહ, શ્રી વિઠ્ઠલદાસ દામોદર, શ્રી લવણપ્રસાદ શાહ વગેરે સરદાર વલ્લભભાઈ પટેલને મળ્યા. આ બેઠકમાં જામનગર રાજ્ય પ્રજાપરિષદની ચળવળ રાજ્યની અંગત ટીકા કર્યા વગર સંયમિત ધોરણે સરદાર પટેલના માર્ગદર્શન નીચે ચલાવવાનું નક્કી થયું. જામનગર પરત આવી શ્રી વીરચંદભાઈ શાહે જામનગર પ્રજાપરિષદના કાર્યકરો જોગ એક નિવેદન બહાર પાડયું, જેમાં જણાવવામાં આવ્યું કે "આથી પરિષદના સર્વે કાર્યકરોને આગ્રહપૂર્વક સૂચના આપવામાં આવે છે કે બીજી સૂચના મળતાં સુધી એઓએ ભાષણ કરવાં નહિ, પણ પરિષદની પત્રિકાઓ જ વાંચવી. આશા રાખવામાં આવે છે કે કોઈ પણ કાર્યકર આ સૂચનાનું ઉલ્લંઘન નહિ કરે."[૧૬]

કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં ચાલેલી જવાબદાર રાજ્યતંત્ર માટેની લડતોમાં સરદાર પટેલનું વલણ રાજ્ય સાથે વિચાર-વિમર્શ દ્વારા શાંતિથી જેટલું મળે તેટલું પ્રથમ લઈ લેવાનું હતું. એ પછી જ લડતના હથિયારનો ઉપયોગ કરવા એઓ ઈચ્છતા હતા. માટે જ એમણે વીરચંદભાઈ શાહને ૨૯-૧-૧૯૩૧ ના પત્રમાં લખ્યું હતું કે "હમણાં પરિષદનું કાર્ય બે મહિના થોભાવી દેશો તો હરકત નથી. મારી સલાહ છે કે આપણે હમણાં જામસાહેબને પૂરતો સમય આપવો. દરમ્યાન ખેડૂતોને રાહત અપાવવા જેટલું કરી શકાય તેટલું કરવું. બાકીનું એમની સાથે વાટાઘાટ કર્યા પછી નક્કી કરીશું. પણ હમણાં પ્રજાપરિષદનું મુલતવી રાખવાની મારી ઈચ્છા છે."[૧૭]

સરદાર પટેલના આ સૂચન પછી પરિષદના પ્રચારનું કાર્ય થોડું ધીમું પડ્યું. જામસાહેબ સાથે વાટાઘાટો શરૂ થઈ અને અંતે સમાધાન થયું. એ મુજબ પરિષદ મે માસમાં તા ૧-૨ ના રોજ ભરવી. આ શરતનો સ્વીકાર આગેવાનોએ કર્યો. એની સામે જામસાહેબે નીચે મુજબના હક્કો આપવાનું સ્વીકાર્યું :

(૧) ખેડૂતોની ફરિયાદોની તપાસ માટે સમિતિ નીમવી. એમાં ત્રણ સભ્યો પરિષદના, ત્રણ તટસ્થ અને રાજ્યના ત્રણ સભ્યો રાખવામાં આવશે. સમિતિના પ્રમુખ તરીકે દીવાનસાહેબ રહેશે.

(૨) રાજ્યે પ્રજાપરિષદનો સહર્ષ સ્વીકાર કરવો.

(૩) પ્રજાકીય સુધરાઈની સ્થાપનાની જાહેરાત કરવી અને એનું બંધારણ પ્રજા તેમજ રાજ્યના પ્રતિનિધિઓએ મળીને તૈયાર કરવું.[૧૮]

આ સમાધાન પાછળ જામસાહેબની ચાલ હતી. એઓ પરિષદને ભાંગી નાખવા માટે તૈયારીનો સમય મેળવવા ઈચ્છતા હતા તેથી એમણે સમાધાન થતાં ગરાસદારોમાંથી જુવાનોને પસંદ કરી 'તોફાન'ની તાલીમ આપવાનું શરૂ કર્યું. બીજી બાજુથી મુસ્લિમો અને અરબોને પરિષદના ઉજળિયાત વર્ગ સામે ઊભા કર્યા. પરિષદ મળવાને દસ દિવસ બાકી હતા ત્યારે તા. ૨૦ એપ્રિલ, ૧૯૩૯ ના રોજ આ ગુંડાગીરીનો પ્રથમ અંક શરૂ થયો. રાજ્યનાં જુદાં જુદાં ખાતાંઓમાં કામ કરતા કર્મચારીઓ, પસાયતાઓ, રસ્તા-બાંધકામના મજૂરો, સુધરાઈના મુસલમાન પટાવાળાઓ ને આમરણબેલાના મિયાણાઓ તથા પલટણ રસાલાના ગિરાસદાર ભાઈઓને તૈયાર કર્યા. એમના હાથમાં લાકડી તલવાર ભાલા અને છરીઓ આપ્યાં. ખંભાળિયા દરવાજાથી બે હજાર માણસોનું એક સરઘસ દેકારો કરતું જામનગરના મુખ્ય માર્ગો પરથી પસાર થયું. રસ્તામાં જે કોઈ ખાદીટોપીવાળા મળ્યા તેમની ટોપી ઉડાડી દીધી, એમને માર માર્યો. એમાંના કેટલાકની સાઈકલો તોડી નાખી, કેટલાકની દુકાનો લૂંટી. 'પરિષદ મુર્દાબાદ' અને 'જામસાહેબ ઝિન્દાબાદ'ના પોકાર કર્યા. આ ગોઝારા દિવસે મુસ્લિમો ગરાસદારો અને બીજા ભાડૂતી માણસોએ ઘણા નિર્દોષ માણસોને પણ લાઠીથી ઘાયલ કરેલા. એમની લૂંટ-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લૂંટથી ઘણા પાયમાલ થયા. શહેર આખામાં રોષ અને ભયનું વાતાવરણ ફેલાઈ ગયું. આ ઘટનાની ફરિયાદ કરવા આગેવાનો જ્યારે જામસાહેબ પાસે ગયા ત્યારે એમણે તોછડો જવાબ આપતાં કહ્યું: "તમે લોકો સરઘસ કાઢો ને એઓ ન કાઢે ? અમે કેવી રીતે એમની સામે મનાઈ હુકમ કાઢી શકીએ ?" રાજ્યના આવા જવાબથી રોષે ભરાયેલા પરિષદના કાર્યકરો અને પ્રજાએ રાજ્યની આ ગુંડાશાહી સામે સખત હડતાલ પાડી. ૨૦ માર્ચથી ૨૯ માર્ચ, ૧૯૩૯ સુધી સતત નવ દિવસ જામનગરની બજારોમાં શ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ.[૧૯] સરદાર પટેલને જામસાહેબની ગુંડાશાહી અને હડતાલની જાણ થતાં એમણે શ્રી વીરચંદભાઈને લખ્યું કે "છ દિવસથી હડતાલ છે એ ખબર છાપાથી જાણ્યા. આશા છે કે પરિષદનું કાર્ય નિર્વિઘ્ન પાર પડશે. લોકો મક્કમ હશે તો બધું ઠીક થશે. 'બેડીબંદર બહિષ્કાર'નો વિચાર ચાલી રહ્યો છે."[૨૦]

નવ દિવસ ચાલેલ સખત હડતાલને કારણે જામસાહેબની સમગ્ર સૌરાષ્ટ્રમાં બદનામી થઈ. આ ઉપરાંત જામસાહેબના અત્યાચારોના વિરોધમાં ફરી એક વાર રાષ્ટ્રિય કક્ષાએ 'જામનગર બેડીબંદર બહિષ્કાર' અંગે વિચારણા શરૂ થઈ, આથી જામસાહેબે પરિષદના આગેવાનો સાથે સમાધાનકારી વલણ દાખવ્યું. રાજ્ય હવે પછી કોઈ જુલમો આચરશે નહિ તેમજ જેમને નુકસાન થયું છે તેની તપાસ કરવામાં આવશે, એવી બાંહેધરી રાજ્ય તરફથી આપવામાં આવી. આમ પરિષદ પ્રત્યે જામસાહેબનું વલણ બદલાયું તેથી નક્કી થયેલ તારીખ ૧,૨ મે, ૧૯૩૯ ના રોજ જામનગરમાં જામનગર રાજ્ય પ્રજાપરિષદનું અધિવેશન મળ્યું. પરિષદના પ્રમુખ શ્રી વિઠ્ઠલદાસ દામોદર ગોવિંદજી હતા, જ્યારે સ્વાગત-પ્રમુખ શ્રી વીરચંદ પાનાચંદ શાહ હતા. ખજાનચી શ્રી મગનલાલ જગજીવન તથા સ્વાગત-મંત્રી શ્રી ગોકળદાસ હીરજી ઠક્કર હતા. પરિષદના અધિવેશનને મહાત્મા ગાંધીજીએ ખાસ સંદેશો પાઠવેલો: "જામનગરનાં ભાઈ-બહેનો પ્રત્યે: બીજું કાંઈ ન કરી શકો તો કાઠિયાવાડી શુદ્ધ ખાદી ધારણ કરી ગરીબો સાથે તમારું ઐક્ય સિદ્ધ કરજો."[૨૧]

પરિષદમાં સ્વાગત-પ્રમુખ અને પ્રમુખશ્રીનાં ભાષણો પછી ઠરાવો પસાર કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી વેણીભાઈ બુચ, શ્રી ગોકળદાસ હીરજી ઠક્કર, શ્રી ખુશાલચંદ દયાળજી મહેતા, શ્રી મગનલાલ જોશી, શ્રી રામકૃષ્ણ ખમાર વકીલ, શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી વગેરે તરફથી જુદા જુદા ઠરાવ રજૂ થયા. ચર્ચા-વિચારણાને અંતે બહુમતીથી એ ઠરાવો પસાર થયા. પસાર થયેલા અગત્યના ઠરાવો નીચે મુજબ હતા :

(૧) પ્રજાની જવાબદાર રાજ્યતંત્રની માગણીનો રાજ્યે તુરત સ્વીકાર કરવો.

(૨) ખેડૂતોની વિઘોટીના દરમાં રાહત આપવી.

(૩) રાજ્યે ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસમાં શક્ય તમામ સહાય કરવી.[૨૨]

આ રીતે જામનગર રાજ્ય પ્રજાપરિષદની પુર્ણાહુતિ થઈ, પરંતુ પરિષદના કાર્યકરોનું કાર્ય ચાલુ રહ્યું. પરિષદમાં પસાર થયેલા ઠરાવોના અમલીકરણનું અને પરિષદનો સંદેશ ગામેગામ પહોંચાડવાનું કાર્ય કાર્યકરોએ ઉપાડી લીધું. શ્રી વીરચંદભાઈ શાહે આ હેતુથી જ જામજોધપુર લાલપુર અને ભાણવડની મુલાકાત લીધી હતી. એ સમયે સભા-સરઘસની રાજ્યે મનાઈ કરી હોવા છતાં પરિષદના કાર્યકરોને ગામડાંઓમાં ઉમળકાભેર વધાવી લેવામાં આવતા. જામજોધપુરમાં શણગારેલા ૩૧ બળદ જોડેલા રથમાં શ્રી વીરચંદભાઈનું જંગી સરઘસ કાઢી લોકોએ સ્વાગત કર્યું. અન્ય સ્થળોએ પણ પરિષદના કાર્યકરોને આ જ રીતે વધાવી લેવામાં આવ્યા.



For Private and Personal Use Only

આમ જામનગરની પ્રજાએ જામનગર પ્રજાપરિષદના નેજાતળે જામસાહેબના જુલમી અને અત્યાચારી શાસન સામે ટક્કર ઝીલી પ્રજાજાગૃતિનો સાચો પરચો જામસાહેબને બતાવ્યો હતો.

ઠે. રુવાપરી માર્ગ, ભાવનગર–૩૬૪૦૦૧

## પાદટીપો

૧. જામનગરનું મૂળ નામ 'નવાનગર' હતું. 'જામ' રાજાઓના નામ પરથી એનું નામ 'જામ'નું 'નગર' એટલે કે 'જામનગર' પડ્યું.
૨. ગુજ. ડિ. ગેઝેટિયર, જામનગર, પૃ. ૮૭
૩. કાઠિયાવાડ યુવક પરિષદનું અધિવેશન રાજકોટના નૂતન થિયેટરના મકાનમાં ૩૧ ઑગસ્ટ અને ૧, ૨ સપ્ટેમ્બર, ૧૯૨૯ ના દિવસોમાં મળ્યું હતું. વધુ વિગત માટે જુઓ ડૉ. જાની એસ. વી., કાઠિયાવાડ યુવક પરિષદ અને પં. જવાહરલાલ નહેરુ, 'પથિક', દીપોત્સવી અંક, ઑક્ટો–નવેમ્બર, ૧૯૯૦, પૃ. ૭૨
૪. શાહ કાંતિલાલ, સૌરાષ્ટ્રમાં ગાંધીજી, આશા અને પૂર્તિ, રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન, રાજકોટ, ૧૯૭૨, પૃ. ૨૫૦
૫. આ પછી જ જામનગર બેડીબંદર–સત્યાગ્રહનો આરંભ થયો હતો. આ સત્યાગ્રહને કારણે અંતે જામ રણજિતસિંહે ત્રણે નિર્દોષ નાગરિકો શ્રી મગનશી રૂપશી, શ્રી ગોકુળદાસ હીરજી અને શ્રી રામલાલને જેલમાંથી મુક્ત કર્યા હતા.
૬. 'સૌરાષ્ટ્ર' (સાપ્તાહિક), રાણપુર, ૧૮ જુલાઈ, ૧૯૩૧, પૃ. ૬૩૭
૭. 'સૌરાષ્ટ્ર', ૨૫ જુલાઈ, ૧૯૩૧, પૃ. ૭૦૫
૮. 'સૌરાષ્ટ્ર', ૮ ઑગસ્ટ ૧૯૩૧, પૃ. ૭૫૯
૯. એજન, પૃ. ૭૬૦
૧૦. 'સૌરાષ્ટ્ર', ૧૫ ઑગસ્ટ, ૧૯૩૧, પૃ. ૮૦૧
૧૧. જામનગરના સ્વાતંત્ર્ય-સેનાની શ્રી વીરચંદભાઈ પાનાચંદ શાહે ૧૯૩૦ ના મીઠા–સત્યાગ્રહમાં મુંબઈની પ્રાંતિક સંગ્રામ–સમિતિના પ્રમુખપદે રહી લડતનું સંચાલન કર્યું હતું.
૧૨. શાહ જયાબહેન (સંપાદક), સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય-સૈનિકો અને લડતો, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ, રાજકોટ, ૧૯૮૮, પૃ. ૬૭
૧૩. શાહ લવણપ્રસાદ, એંસી વર્ષના જીવનસંગ્રામનું સરવૈયું, પ્ર. લવણપ્રસાદ અમૃતમહોત્સવ સમિતિ, મુંબઈ, ૧૯૮૦, પૃ. ૪૧
૧૪. શાહ કાંતિલાલ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૨૫૧
૧૫. દેસાઈ જગન્નાથ (સંપાદક), સેવામૂર્તિ શ્રી વીરચંદ પાનાચંદ શાહ, પ્ર. વિનોદ વિ. શાહ, મુંબઈ–૨૨, ૧૯૬૦, પૃ. ૧૨૨
૧૬. એજન, પૃ. ૧૨૩
૧૭. એજન, પૃ. ૧૧૪
૧૮. શાહ જયાબહેન, સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય–સૈનિકો અને લડતો, પૃ. ૬૯
૧૯. શાહ કાંતિલાલ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૨૫૨
૨૦. દેસાઈ જગન્નાથ (સંપાદક), પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૨૫
૨૧. ગાંધીજીનો અક્ષર દેહ–૬૯, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૩૪૪
૨૨. દેસાઈ જગન્નાથ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૨૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતીય શિલ્પ અને ચિત્રકલામાં હાસ્યપ્રેરક દશ્યો

પ્રો. થોમસ પરમાર

ભારતીય શિલ્પ અને ચિત્રકલામાં અન્ય રસોની સાથે હાસ્યરસને સ્થાન આપ્યું છે. હાસ્ય વિટંબણાભર્યા જીવનને હળવું બનાવે છે. હાસ્ય માણતી વખતે સર્વ પ્રકારની યાતનાઓ ભૂલી જવાય છે અને આનંદનો અનુભવ થાય છે. એક આયરિશ પ્રાર્થનામાં હાસ્યને આત્માના સંગીત તરીકે બિરદાવ્યું છે અને દરરોજ એને માણવાનું જણાવ્યું છે. ભારતીય કલામર્મજ્ઞો હાસ્યનું આ મહત્ત્વ સમજતા હતા તેથી જ એમણે ભારતીય શિલ્પ અને ચિત્રકલામાં હાસ્યને સ્થાન આપ્યું હતું. વાનરોની વિવિધ ચેષ્ટાઓ, વામન કદના અને તુંદિલ (મોટા પેટવાળા) પુરુષો વગેરેના આલેખનો દ્વારા હાસ્ય નિષ્પન્ન થાય છે.

ભારહૂતનાં શિલ્પોમાં હાસ્યવ્યંગનાં કેટલાંક દશ્ય કંડારવામાં આવ્યાં છે. એક દશ્યમાં વાનરોને એક મહાયક્ષના નાકમાંનો વાળ મોટા સાણસા વડે કાઢતા દર્શાવ્યા છે.[1] યક્ષ ટિપોય પર બેઠો છે. યક્ષના મુખ પાસે ઊભેલા વાનરે સાણસાનો મુખભાગ પકડ્યો છે. સાણસાની પકડમાં નાકનો વાળ આવી ગયો છે. હવે એને ખેંચીને કાઢવાનો છે. આ મોટો સાણસો હાથીના પીઠ-ભાગે બાંધ્યો છે. હાથી આગળ વધે તો વાળ ખેંચાઈને બહાર નીકળે, આથી કેટલાક વાનરો હાથીને આગળ ધપાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એક વાનર હાથીની પૂંછડીએ બચકું ભરી રહ્યો છે, એક હાથીના પેટમાં લાકડીનો ગોદો મારી રહ્યો છે. એક શંખ વગાડે છે, પરંતુ એ શંખના છેડાના ભાગેથી વગાડી રહ્યો છે! એક વાનર યક્ષની સામે ટિપોય પર બેસીને યક્ષના હાથના નખ કાપી રહ્યો છે. બીજા એક દશ્યમાં કેટલાક વાનરો હાથી પર આરૂઢ થઈને એને કાબૂમાં લાવવા પ્રયત્ન કરી રહ્યા છે.[2] ડમરુ વગાડતા એક વાનરને હાથીની સૂંઢ સાથે દોરડાથી બાંધેલો છે. એક વાનર દંતૂસળ પર પગ ટેકવીને હાથીના મસ્તક પર ઊભો છે. ગરદન પર બેઠેલો વાનર અંકુશ મારી રહ્યો છે. એની પાછળનો વાનર વાજિંત્ર વગાડે છે. એની પાછળ બેઠેલો વાનર પૂંછડી પકડીને ચડતા અન્ય વાનરને ધક્કો મારીને એને પાડવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ભારહૂતનાં આ બંને દશ્યો હાસ્યવ્યંગથી પૂર્ણ છે.

મહાબલિપુરમ્‌માં 'પાંચ પાંડવોના રથ' નામના શૈલોત્કીર્ણ સ્થાપત્યો પૈકી કૃષ્ણમંડપમાં અર્જુન-તપશ્ચર્યાનું ભવ્ય શિલ્પ કંડારેલું છે. આ દશ્યમાં એક જગ્યાએ વાનર-કુટુંબનું આલેખન થયું છે.[3] વાનર-બાલ સ્તનપાન કરી રહ્યું છે. માતા-વાનરની પાછળ પુરુષ-વાનર બેઠો છે અને એ એના માથા-માંથી જૂ કાઢી રહ્યો છે. 'અર્જુન-તપશ્ચર્યા'ના આ ગંભીર પ્રસંગના આલેખનમાં વાનર-કુટુંબનું આ આલેખન હળવું હાસ્ય ઉત્પન્ન કરે છે.

ગુજરાતનાં ચૌલુક્ય-શૈલીનાં અનેક મંદિરોના મંડોવરમાં ઉદ્‌ગમની ઉપર બંને બાજુએ બેઠેલા બે વાનરોનાં શિલ્પો મૂકેલાં હોય છે. બે પગે ઉભડક બેઠેલા વાનરોનાં આ શિલ્પો પણ આ બાબતે ઉલ્લેખનીય છે.

શિલ્પકલાની જેમ ચિત્રકલામાં પણ વાનરોની રમૂજપ્રેરક ચેષ્ટાઓનાં આલેખનો થયાં છે. મુઘલ-કાલ દરમ્યાન 'પંચતંત્ર'નો 'અનવારે સુહૈલી' નામે ફારસીમાં સચિત્ર અનુવાદ થયેલો તેના એક ચિત્રમાં કેટલાક વાનરોને વિવિધ ચેષ્ટાઓ કરતા દર્શાવ્યા છે.[4] વડની વડવાઈઓ પકડીને ઝૂલતા, ઝાડની ડાળી વડે બીજાને મારતા, અન્યની પૂંછડી પકડતા, તળાવમાં ફૂદકો મારતા વાનરોનાં આલેખનો દર્શકને મનોરંજન પૂરું પાડે છે. આ જ ગ્રંથના એક અન્ય ચિત્રમાં સાત રીંછ અને એક વાનરનું આલેખન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ હાસ્યપ્રેરક છે. 'અકબરનામા'માં નદીમાં કૂદતા એક સેનાપતિનું ચિત્ર છે.[૬] આ ચિત્રની જમણી બાજુના ખૂણામાં વણજારનું આલેખન છે, જેમાં એ ઊંટની પીઠ પર મોટું પાટિયું મૂકેલું છે અને એની ઉપર એક વાનરને બેઠેલો દર્શાવ્યો છે. ઊંટોને હંકારી જતા વાનરનું આ આલેખન દર્શકને સ્મિત કરાવી જાય છે. બસોહલી શૈલીના એક ચિત્રમાં માખણચોર કૃષ્ણનું આલેખન છે.[૭] બલરામના ખભે ચડીને કૃષ્ણ ઊંચે લટકાવેલા શીકામાંથી માખણ ચોરી રહ્યા છે. બલરામની બાજુમાં એમનો એક સાથીદાર ઊભો છે અને એની નજીક એક વાંદરું બેઠેલું દર્શાવ્યું, જે વાંદરું જમણો હાથ ઊંચો કરીને રોટલી ધારણ કરી રહ્યું છે, જાણે કે વાંદરું પણ આ ચોરીમાંથી પોતાનો ભાગ માંગી રહ્યું છે!

વામન અને તુંદિલ પુરુષોનાં આલેખનો પણ હાસ્ય નિપજાવે છે. આ પ્રકારનાં શિલ્પો ભારપુત્રક ભારવાહક કે કીચક તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે મંદિરોના સ્તંભોની શિરાવટી ઉપર એ જોવા મળે છે. વામન કદ, મોટું પેટ, ફાટી ગયેલી આંખો, પહોળું થઈ ગયેલું મોં હાસ્યપ્રેરક છે, જાણે કે મંદિરની છતનો ભાર વહન કરતાં એમની આ દશા થઈ છે! સાંચીનાં તોરણદ્વારોના સ્તંભો ઉપર પણ આ પ્રકારનાં શિલ્પો જોવા મળે છે. પશ્ચિમી ચાલુક્ય-શૈલીમાં ઘડાયેલ પદ્મનિધિ અને શંખનિધિને વામન અને તુંદિલ દર્શાવ્યા છે.[૮]

અજિંઠાની ચિત્રકલામાં પણ વામન અને તુંદિલ પુરુષોનાં હાસ્યપ્રેરક આલેખનો છે. ગુફા નં. ૧૦ના વરંડાની છત પર બે મિત્રો દર્શાવ્યા છે, જે ઠીંગણા અને મોટા પેટવાળા છે.[૯] આ જ છત પર મદ્યપાન કરતા બે મિત્રોનું આલેખન છે.[૧૦] મદ્યના નશામાં ચકચૂર આ બંને મિત્રોનું આલેખન હાસ્યપ્રેરક છે. એક ચિત્રમાં વામન અને તુંદિલ બે પુરુષો દર્શાવ્યા છે, જેમાંના એકના ગળામાં દોરડું બાંધેલું છે અને બીજો એ દોરડું ખેંચી રહ્યો છે.[૧૧] સરકસમાં જોકર્સ હસાવતા હોય એ પ્રકારનું આ આલેખન છે.

પ્રસ્તુત ઉદાહરણો જોતાં જણાય છે કે ભારતીય કલામાં માત્ર ગંભીર આધ્યાત્મિક કે કરુણ પ્રસંગો જ આલેખ્યા નથી, હાસ્યપ્રેરક આલેખનોને પણ સ્થાન આપ્યું છે.

પાદટીપો


૧. અગ્રવાલ વાસુદેવ, 'ઇન્ડિયન આર્ટ,' ચિ. ૬૪-બી

૨. એજન, ચિ. ૬૪-એ ૩. સ્ટેલા ક્રમરિશ, 'ધ આર્ટ ઑફ ઇન્ડિયા,' પટ ૭૯

૪. બારેત ડગ્લાસ ઍન્ડ ગ્રે બેસિલ, 'ઇન્ડિયન પેઇન્ટિંગ' પૃ ૮૦ ઉપરનો પટ

૫. વિલ્કિન્સન જે. વી. એસ, 'મુઘલ પેઇન્ટિંગ,' પટ ૩

૬. સેન ગીતી, 'પેઇન્ટિંગ્ઝ ફ્રોમ ધી અકબરનામા', પટ ૨૪

૭. બારેત ઍન્ડ ગ્રે, ઉપર્યુક્ત, પૃ-૧૭૦ ઉપરનો પટ

૮. શિવરામમૂર્તિ સી, 'પૅનોરમા ઑફ જૈન આર્ટ,' પટ ૨૭૩-૨૭૪

૯. યઝદાની, 'અજન્તા', ભાગ ૨

૧૦. ઘોષ એ, 'અજન્તા મ્યુરેલ્સ,' પટ ૪૩

૧૧. એજન, પટ ૩૯


---

શુદ્ધિ

અંક ૪, પૃ. ૮, લીટી ૪ થી-'ચંદ્રગુપ્ત'ની નીચે અનુક્રમે 'બિંબિસાર' અને 'અશોક' ઉમેરી લેવા.
અંક ૫, પૃ. ૭, લીટી ૭ 'હુમાયુ'ની નીચે 'અકબર' ઉમેરી લેવો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બે ઐતિહાસિક પાળિયા

ડૉ. એલ. ડી. જોશી

મહી નદીના ઉત્તર કાંઠે રાજસ્થાન–વાગડનું વમાસા ગામ નાનકડું, પરંતુ ઐતિહાસિક મહત્ત્વનું છે. એ જાગીરદારનું તાજિમી ઠેકાણું રહ્યું છે. ગામના ચૌહાણ ઠાકુરને પગમાં સોનું પહેરવાની તાજિમ તથા નગારબંધી દરજ્જો આપવામાં આવેલ. માનગઢની ઐતિહાસિક ઘટના વખતે અત્રેના ઠાકુર લાલસિંહજીએ પણ મહત્ત્વનો ભાગ ભજવેલ. લાલસિંહજી દરબારની કચેરીમાં બાજઠમાં મુખ્ય સ્થાન ધરાવતા હતા. ડુંગરપુરના દરબારની દસેરાની સવારીમાં વમાસાના જાગીરદાર ઘોડા પર નગારાના ડંકે અને છડી નેજાના દબદબા સાથે નીકળતા.

આ ઠેકાણું સોળ કોટડીના ઉમરાવ તરીકે માન–મરતબો ધરાવતું હતું. પેશવાની ફોજ ચોથ ઉઘરાવવા વાગડ (ડુંગરપુર-વાંસવાડા) પર વારંવાર ધસી આવતી હતી. વિ.સં. ૧૮૬૨ ની સાલ–(૧૮૦૬ સન)માં પેશવાની ફોજે સલુમ્બર(મેવાડ)થી વમાસાના થાણા ઉપર ચડી આવી ગામની ઉત્તરે ગમેળા તળાવની રોહણમાં આવેલ 'અન્જેળા'ના ડુંગર પાસે પડાવ નાખ્યો. જાગીરદારને કહેણ મોકલ્યું કે નેજા–નગારાં સુપરત કરીને શરણે આવો. જે ઠાકુર નગારાં આપી દે તે પેશવાના તાબેદાર બને. વમાસાના ઠાકુરના ભાયાત માવસંગજી બહાદુર હતા. એ દિવસથી ફોજ પડાવ નાખીને પડી હતી અને હુમલો કરવા તૈયાર હતી. માવસંગજી થાણાના સૈનિકોને લઈને, પોતે 'ઠાકુર છું' એમ કહીને ફોજ સામે ગયા અને નગારાં નેજા નહિ આપી લડવા માટે તૈયારી બતાવી. બંને પક્ષે યુદ્ધ થયું અને કેટલાક લડવૈયા હણાઈ ગયા. પેશવાનું લશ્કર મોટું હતું. માવસંગજીના સાથીઓ મરી ખપ્યા. માવસંગજી લડતા લડતા તળાવ તરફ વળ્યા. એમની પાણીદાર ઘોડી હણહણીને, દુશ્મનના ઘેરાને પાર કરીને તળાવમાં ઊભે તળાવે ચાલી નીકળી. પેશવાના સૈનિકો પણ પાછળ પડ્યા. ગમેળા તળાવની પાળ ચડતાં પેશવાના આક્રમકે માવસંગજી પર પાછળથી ઝટકો માર્યો. ઘોડી પર પણ ઘા થયા. માવસંગજીનું માથું પડી ગયું, પરંતુ ઘાયલ ઘોડી ધડ લઈને ગામના ચોરા પાસે ઘોડાની ઘોડાર પાસે પહોંચી ગઈ. ઘોડી ત્યાં પડી અને મરણ–શરણ થઈ. માવસંગજીનું ધડ પણ પાયગા (ઘોડાર) પાસે પડ્યું. માવસંગજીનાં પત્નીએ બે દિવસ સુધી પોતાનો ચૂડલો અલગ ન કર્યો. જાગીરદારે ચંદ્રસૂરજની સાખે ભૂમિ માફી આપી પરવરીશનો કોલ કર્યો ત્યારે ચૂડલાકર્મ કર્યું. માવસંગજીનો પાળિયો બનાવીને ગામના દશામાતાના પીપળા આગળ ખડો કર્યો. સફેદ પથ્થરના પાળિયા પર ઘોડેસવારની આકૃતિ અંકિત છે તેની નીચે દેવનાગરી લિપિમાં નિમ્ન લખાણ છે :

"સંવત ૧૮૮૬ ના કારતક સુદી ૫ દને સૌઅણ માવસંગજી કામ આવા વમાસાના..."

માવસંગજીના વંશજોમાં લક્ષ્મણસંગજી આજે પણ હયાત છે.

વાંસવાડા જિલ્લામાં આવેલ 'રોહીડા' ગામના રાજપૂતનું લગન મેવાડમાં થયું હતું. એની પત્ની સુંદર અને વીરાંગના હતી. પત્નીનું આણું કરીને રાજપૂત પગપાળો આવી રહ્યો હતો. રસ્તામાં રાત પડી અને આગળ વધવું કઠિન હતું. એક આદિવાસીને ઘેર ઊતરવા માટે પૂછપરછ કરી. આદિવાસી ભીલ સ્ત્રી ડાકણી હતી. એણે ઘૂંઘટમાંથી ક્ષત્રાણીનું રૂપ જોયું. રાજપૂત દંપતીને ઓઢવા પાથરવાનું બિછાનું કરી આપ્યું, પરંતુ ડાકણ સ્ત્રી પોતાની જાત પર કાબૂ રાખી શકી નહિ અને ક્ષત્રાણી પર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાનો જીવ બગાડયો. અર્ધરાત્રિએ ઊઠીને ભીલ સ્ત્રી વૈરાગ્ય અને શૌર્યનાં ગીત ગાતી ઘંટી દળવા બેઠી ઘંટીના રવ સાથે ભીલ સ્ત્રીનો મધુર, પરંતુ કરુણ સ્વર સાંભળીને રાજપૂત સ્ત્રી પણ પોતાને જીરવી શકી નહિ અને ડાકણપણું અનુભવવા લાગી. સવાર થયે રાજપૂત જાગીને, દાતણ પાણી કરીને રસ્તે ચાલવા માંડ્યો, પરંતુ પોતાની પત્નીમાં એને પરિવર્તન જણાયું. રાજપૂતાણી ઘૂંઘટમાં નજર છુપાવી રહી. આસપુર ગામમાં ચોકિયાત–થાણું હતું ત્યાં રાજપૂત શિરામણ માટે રોકાયો. એની સ્ત્રીએ ત્યાં પોતાનાં પારખાં પરચો બતાવ્યાં. 'ડુંગરપુરના દરબાર શું કહે છે?' એમ પૂછતાં ઉત્તર વાળ્યો કે 'દરબાર હમણાં બે ઘોડે સવારી કરી રહ્યા છે.' પાછળથી તપાસ કરતાં વાત સાચી નીકળી. આગળ જતાં રાજપૂત અને એની પત્ની મહીસાગર નદીના કાંઠે આવેલ વમાસા (ઢાળાવાળા) ગામે આવી ચડ્યાં. ગામની ઉત્તરે આવેલ મંદિરવાળા આંબા પાસે વિસામો ખાવા બેઠાં, શિરામણ કરી નદીનું પાણી પીધું. ક્ષત્રાણીને તરત ડાકણવા ઊપડી આવ્યો. કેટલાક લોકો ત્યાં એકઠા થયા અને સ્ત્રીની કસોટી–પારખાં કરવા મંડ્યા. કોઈકે પૂછ્યું કે 'વાંસવાડાના દરબાર શું કરી રહ્યા છે?' એણે ઉત્તર આપ્યો કે 'રાજા હમણાં નાવમાં બેસીને 'નૌકાવિહાર' કરી રહ્યા છે.' પાછળથી તપાસ કરતાં આ વાત પણ સાચી પડી. અહીંથી આગળ નદી ઓળંગીને સાસરે જવાની ક્ષત્રાણીએ ના પાડી. એણે કહ્યું કે હું મારો જીવ કાબૂમાં રાખી શકીશ નહિ અને મારાં સાસરિયાં મારા ડાકણ-પણના લીધે બદનામ થશે. એણે પોતાના પતિને કહ્યું કે મને આ સ્થળે ઠાર કરો અને તમે પોતાને ઘેર જાઓ. તમને બીજી રૂપાળી કન્યા પરણવા મળશે. રાજપૂતે સ્ત્રીને આગળ જવા આગ્રહ કર્યો, પરંતુ સ્ત્રી માની નહિ તેથી રાજપૂતે પોતાની તોડાદાર બંદૂકથી પોતાની સ્ત્રીને ઠાર કરી. એ સ્ત્રીનો પાળિયો વડલીના વૃક્ષ નીચે ખડો કર્યો તે આજે પણ 'હતિવેડી'ના સ્થાન તરીકે ઓળખાય છે. મરતાં પૂર્વે ક્ષત્રાણીએ લોકોને વચન આપેલું કે મને દાગ દઈને આ સ્થળે ચીરો નાખશો તો તરિયા તાવ તોડીશ અને માનતા પૂરી કરીશ. પરણેલી અક્ષતયોનિ સ્ત્રી સતી થઈ તેથી સતીનો પાળિયો પ્રસિદ્ધ બન્યો. ઘસાઈ ગયેલ હોઈ પાળિયો અવાચ્ય છે. સ્ત્રી આકૃતિ છે.

ઠે. ૧૨૧, અંબામાતા સ્કીમ, ઉદયપુર–૩૧૩૦૦૧

---

સ્થાપના : તા. ૧૧–૧૦–૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

## ધી બરોડા સીટી કો–ઓપરેટિવ બેન્ક, લિ.

રજિ. ઑફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪
૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧
૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪
૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨
ગોરવા ૫. [illegible]શાખા, જકાતનાકા પાસે, વડોદરા ટે.ન. ૩૨૮ ૩૪૬

દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : કીકાભાઈ પટેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બંગભંગની ચળવળમાં ગુજરાતનું પ્રદાન

પ્રો. કિરીટ પટેલ

રાષ્ટ્રની સ્વાધીનતાની ચળવળના પ્રત્યેક તબક્કામાં ગુજરાતે મોખરે રહી પોતાનું યોગદાન પ્રદાન કર્યું છે. ઉદાત્ત રાષ્ટ્રિય ભાવનાથી પ્રેરાઇને પ્રાદેશિક ક્ષેત્રે ગુજરાતે સ્વતંત્રતાની ચળવળમાં સતત આગેકૂચ કરી છે. બંગભંગની ચળવળ દરમ્યાન રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે બનેલી ઘટનાઓ ગુજરાતની પ્રજામાં રાષ્ટ્રવાદની ભાવના પેદા કરવામાં સહાયક બની રહી હતી. વીસમી સદીની શરૂઆતમાં લોર્ડ કર્ઝનના તુમાખી-ભર્યા કારભારે ભારતીય પ્રજામાં લડાયક શક્તિને ચેતનવંતી કરી હતી. બીજી બાજુ હિંદમાં જોર પકડી રહેલી રાષ્ટ્રિય ચળવળને ખાળવા માટે અંગ્રેજ સત્તાધીશોએ 'વિભાજન દ્વારા શાસન'ની લુચ્ચી નીતિ પર ભાર મૂકયો હતો. લોર્ડ કર્ઝન હિંદમાં આવ્યો ત્યારે ઉગ્ર મત દ્વારા અસંતોષ ફેલાવવાનું શરૂ થઈ ગયું હતું[1] અને કર્ઝનની તુમાખી-ભરી નીતિને લીધે એમાં વેગ આવ્યો હતો. એ ઉપરાંત અંગ્રેજ સરકારનાં મૂળ ઊંડાં નાખવાની એની તજવીજ છૂપી ન હતી. વહીવટી સરળતાના બહાના નીચે ૭ કરોડ ૮૦ લાખ એટલે ઇંગ્લેન્ડથી બે-ગણી વસ્તી ધરાવતા બંગાળ પ્રાંતના બદઈરાદાથી ભાગલા પાડયા.[2] ૧૯ મી જુલાઈ, ૧૯૦૫ ના રોજ ભાગલાની જાહેરાત થઈ એ સંદર્ભે ફ્રેઝર નોંધે છે કે પૂર્વબંગાળની લોર્ડ કર્ઝનની મુલાકાતના સમયે મુસ્લિમોની એક વિશાળ સભાને સંબોધતાં એણે જણાવેલું કે ભાગલા મુસ્લિમો અને સરકારના હિતમાં છે. એનું આ પગલું મુસ્લિમો માટે ફાયદાકારક છે એમ પણ એણે જણાવેલું.[3] આ હકીકત સ્પષ્ટ કરે છે કે કર્ઝનની કોમવાદી નીતિની મેલી મુરાદ ભાગલા પાછળ રહેલી હતી. આમ હિંદુ-મુસ્લિમ-એકતા અને અખંડિતતાની બંગાળની આ ભાવનાને તોડવાનો, એની અસ્મિતાને હણવાનો અને એ રીતે રાષ્ટ્રવાદને ઊગતો ડામવાનો આ એક ખતરનાક ભ્રષ્ટ પ્રયત્ન હતો. કર્ઝનની આ નીતિ સામે બંધારણીય ઢબે વિરોધનો જોરદાર વંટોળ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ફેલાયો. ૧૯૦૫ માં કર્ઝને રાજીનામું આપ્યું, પણ આંદોલન ૧૯૧૧ સુધી ચાલુ રહેવા પામ્યું હતું.[3]

૧૯૦૫ ની બનારસ કૉન્ગ્રેસે બંગભંગનો અને સરકારે અપનાવેલી દમનપૂર્ણ નીતિનો સખત વિરોધ કર્યો હતો, આ અધિવેશનમાં લાલા લજપતરાયે તથા લોકમાન્ય ટિળકે અન્ય પ્રાંતોને બંગાળને અનુસરવાનું અને લડતને દેશવ્યાપી બનાવવાનું જાહેર કર્યું હતું. આ અધિવેશનમાં ગુજરાતના પ્રતિનિધિઓ હાજર રહેલા અને બંગભંગની ચળવળમાં ગુજરાતે ભજવેલા અગ્રભાગને પરિણામે જ ત્યાર પછીની રાષ્ટ્રિય ચળવળોમાં સમગ્ર દેશને એણે દિશાસૂચન પૂરું પાડયું હતું.[4] બંગાળના ભાગલાના સંદર્ભે કર્ઝને લીધેલો નિર્ણય સમગ્ર હિંદની પ્રજા માટે અપમાન-સમાન હતો. એની સામે મોટા ઝંઝાવાતની જેમ રાષ્ટ્રવ્યાપી આંદોલન ભભૂકી ઊઠયું. બંગભંગના આંદોલનના પડઘા અને પ્રત્યાઘાતો સમગ્ર ગુજરાતમાં વ્યાપક રીતે પડયા. લૉર્ડ કર્ઝનના દમનકારી અને પ્રગતિવિરોધી રાજ્ય-અમલે સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રિય અસ્મિતાની ભાવનાને પ્રબળ બનાવી દીધી હતી એ હકીકત સ્વીકારવી રહી.[5]

બંગભંગની ચળવળ ગુજરાતમાં ઠેર ઠેર વેગવંતી બની. મુખ્યત્વે આ ચળવળ શહેરી આંદોલન હોવા છતાં ગુજરાતનાં કસ્બાઓ અને ગામડાંઓ સુધી વિસ્તરી હતી. વિદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશીનો વપરાશ એ આ આંદોલનનું મુખ્ય રચનાત્મક પાસું હતું. આ ચળવળમાં અમદાવાદ શહેર મોખરે રહ્યું હતું. અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં કૉન્ગ્રેસના અગ્રેસર અંબાલાલ સાકરલાલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેસાઈએ બંગભંગના સંદર્ભે વ્યાખ્યાનો આપેલાં.[૬] આ ચળવળ દરમ્યાન સ્વદેશી સ્વરાજ્યની અને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ સમગ્ર શહેરમાં વેગવંતી બની હતી. ખાડિયામાં 'વેદસનાતન ધર્મસભા' નામે સંસ્થા ચાલતી હતી. રાષ્ટ્રિય જાગૃતિ લાવવામાં આ સંસ્થાએ ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. જીવણલાલ બૅરિસ્ટર, અંબાલાલ સાકરલાલ દેસાઈ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ વગેરે આ સંસ્થાના સંનિષ્ઠ કાર્યકરો હતા. આ સંસ્થાના યુવક કાર્યકરોએ 'સ્વદેશી ચિત્રમંડળ'ની સ્થાપના કરી અમદાવાદ શહેરમાં સ્વદેશી ચળવળની નવી હવા ઊભી કરી હતી. પાછળથી આ સંસ્થામાં અમદાવાદ શહેરના ઘણા યુવકો જોડાયા હતા.[૭] આ સંસ્થાની આર્થિક મદદ માટે પૈસાફન્ડની પેટીઓ પોળો બજારો રેલગાડીઓ અને મેળાઓમાં ફરતી અને એ દ્વારા પ્રાપ્ત થયેલી રકમમાંથી રાત્રિશાળા અને પુસ્તકાલયો ચાલતાં.[૮]

૧૧ મી ઑગસ્ટ, ૧૯૦૬ ના રોજ અમદાવાદ ખાતે રીચીરોડ પર આવેલા 'દોલાબરાવ ઢોલા' નામના મકાનમાં ૫૦ વિદ્યાર્થીઓની એક સભા ભરાઈ હતી, જેમાં ૧૫ જેટલા બંગાળી યુવકો પણ હાજર રહ્યા હતા. સરકારી નોંધમાં જણાવ્યા પ્રમાણે આ લોકો સ્વદેશી ચળવળની જન્મજયંતી ઊજવવા એકઠા થયા હતા. આ સભામાં પહેલી જ વાર ગુજરાતીમાં 'વંદેમાતરમ્' તૈયાર કરી ગવાયું હતું. જીવણલાલ વ્રજલાલ દેસાઈએ પણ આ સભામાં હાજર રહી બંગાળી ગુજરાતી યુવકોએ સ્વદેશીના સંદર્ભે બતાવેલા જુસ્સાને બિરદાવતાં જણાવેલું કે આ પ્રવૃત્તિના સંદર્ભે મારી જ્યાં અને જ્યારે જરૂર પડે ત્યારે હું હાજર રહીશ. અમદાવાદની કાપડ મિલોના બે વીવિંગ માસ્તરો ચુનીલાલ નારાયણદાસ અને કેશવલાલ મહાસુખરામ, જે બનારસની છેલ્લી કૉન્ગ્રેસમાં પણ હાજર રહેલા, એમણે જાહેર કરેલું કે બંગાળી યુવકો અને દેશના અન્ય રાજ્યોના યુવકોને કોઈ પણ જાતના મહેનતાણા વગર વણાટવિદ્યા શીખવવા પોતે તૈયાર છે. આ ચળવળ દરમ્યાન બંગાળથી અમદાવાદ આવેલા ઘણા બંગાળી યુવકોને એમણે વણાટવિદ્યા ભારે ઉત્સાહથી શીખવી હતી.

આ ચળવળ દરમ્યાન અમદાવાદમાં ચાલતી સ્વદેશીની ચળવળ અન્ય નગરો માટે પ્રેરણારૂપ બની રહી હતી. સ્વદેશી સભાઓનું પ્રમુખપદ અંબાલાલ સાકરલાલ દેસાઈ અને જીવણલાલ બૅરિસ્ટર લેતા, જ્યારે કૃપાશંકર અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ ચળવળ માટે રોજબરોજનો કાર્યક્રમ ઘડવાની અને વ્યવસ્થા કરવાની પ્રવૃત્તિઓ કરતા. કલકત્તાની બંગાળ કેમિકલની દેશી દવાઓ અને બીજી સ્વદેશી વસ્તુઓના વેચાણની વ્યવસ્થા કરવા માટે સ્વદેશી ભંડાર પણ ખોલવામાં આવ્યો હતો. આ સ્વદેશી ભંડાર સ્વરાજ્ય અને સ્વદેશી ચળવળની પ્રવૃત્તિઓનું ધામ બની રહેતો. એમાંથી ખરીદી કરવા માટે લોકોની ભારે ભીડ પણ જામતી હતી.[૧૧] આ ચળવળમાં વિદ્યાર્થી વર્ગે પણ સારો એવો ઉત્સાહ બતાવ્યો હતો. ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ હર્સ્ટે આ લડત દરમ્યાન વિદ્યાર્થીઓ પર સિતમો ગુજારેલા. વિદ્યાર્થીઓના આ અન્યાય સામે એ સમયે કોઈ મવાળ નેતાએ શબ્દ પણ ઉચ્ચારેલ નહિ. ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ સતત બે અઠવાડિયાં સુધી અન્યાયી પ્રિન્સિપાલ સામે હડતાલ પાડેલી. આ બનાવના પડઘા અને પ્રત્યાઘાતો બંગભંગની ચળવળ દરમ્યાન ગુજરાત બહાર પડ્યા હતા.[૧૨] એ જ રીતે આ લડત દરમ્યાન ૧૯૦૮ માં લોકમાન્ય ટિળકની ધરપકડ કરવામાં આવી અને શરૂમાં એમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા ત્યારે એમની ધરપકડ અને સજા સામે દેશભરમાં ઊહાપોહ જાગેલો અમદાવાદમાં પણ એ દિવસે હડતાલ પડી અને ગુજરાત કૉલેજના છાત્રાલયના વિદ્યાર્થીઓએ એની સામે પોતાનો વિરોધ પ્રગટ કરવા ઉઘાડે માથે સરઘસ કાઢી સાબરમતી નદીમાં



For Private and Personal Use Only

સ્નાન કર્યું હતું. આમ ટિળકની ધરપકડ અને સજાએ ગુજરાતની પ્રજામાં આ લડત દરમ્યાન નવો જુસ્સો પૂરો પાડ્યો હતો.[૧૩]

વીરમગામમાં પણ ચળવળની વ્યાપક અસરો પડી હતી. સ્વદેશીચળવળને વેગવંતી બનાવવા મોટી સભાઓ ભરાતી. એની અસર આજુબાજુનાં ગામો પર પણ પડી. ૨૨ ઑગસ્ટે વીરમગામ નજીક ડંકાવાડા ગામે એક વિશાળ સભા ભરાઈ, જેમાં આજુબાજુનાં ગામોના લોકો પણ હાજર રહ્યા અને ઠરાવ કર્યો કે વિદેશી ખાંડનો ત્યાગ કરી સ્વદેશી ખાંડનો ઉપયોગ દરેકે કરવો. આ સભા બાદ સમગ્ર વીરમગામ તાલુકામાં વિદેશી ખાંડનો વ્યાપક બહિષ્કાર અને એની સામે સ્વદેશી ખાંડના ઉપયોગની ચળવળ શરૂ થઈ હતી.[૧૪] એવી રીતે ૨૩ મી ઑગસ્ટે આ જ તાલુકાના માંડલ ગામે વિરાટ સભા ભરાઈ. આ સભામાં મુંબઈના શ્રાવક સાધુ દયાશંકરે ખાસ હાજરી આપી હતી. માંડલના શ્રાવક સંઘે વિદેશી કેસરનો બહિષ્કાર કરી અમૃતસરથી આવતા દેશી કેસરનો દેવપૂજામાં ઉપયોગ કરવાનું ઠરાવ્યું હતું અને દેશી કેસરની વેચાણ-વ્યવસ્થા પણ ગોઠવી હતી.[૧૫]

સુરત જિલ્લો પણ બંગભંગની ચળવળમાં જોડાયો હતો. અહીં સ્વદેશીની ચળવળ વિશેષ પ્રમાણમાં ચાલી હતી, કારણ કે સ્વદેશીપ્રવૃતિ આ જિલ્લામાં ૧૮ મી સદીના ચોથા દાયકાથી શરૂ થઈ ફૂલીફાલી હતી તેથી આ લડત દરમ્યાન એને વધુ મોકળાશ મળી. ૧૯૦૬ માં અમદાવાદના કૉન્ગ્રેસી કાર્યકર અંબાલાલ સાકરલાલ દેસાઈના પ્રમુખપણા નીચે એક વિશાળ સ્વદેશીસભા ભરાયેલી, જેમાં છેક મુંબઈ અને લખનૌથી સ્વદેશીચળવળના કાર્યકરો આવેલા। સ્વદેશી સંદર્ભે એ સમયે એક પ્રદર્શનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સુરત અને એની આજુબાજુ સ્વદેશી ચીજ-વસ્તુઓ બનાવતાં કારખાનાં શરૂ થયાં હતાં.[૧૬] આ પ્રવૃત્તિમાં પારસીકોમ અગ્રેસર હતી. સુરતના કેખુશરુ સોરાબજી અને ફરામજી પેસ્તનજી ભામગરા સ્વદેશીપ્રવૃત્તિમાં આગળ પડતા હતા.[૧૭] આ જ અરસામાં સુરતની ફ્રેન્ચ ગાર્ડનમાં 'મુંબઈ પ્રાંતીય પરિષદ' પણ મળી હતી અને એક ઔદ્યોગિક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. સ્વદેશી ચળવળની પ્રવૃત્તિને સુરત શહેરમાં વેગવંતી કરવામાં પાટીદાર આશ્રમના વિદ્યાર્થીઓએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો હતો, જે નોંધપાત્ર બાબત હતી.[૧૯] સુરત જિલ્લાનો બારડોલી તાલુકો પણ આ ચળવળમાં અગ્રેસર રહેલો. આ તાલુકાના વાંકાનેર ગામના યુવકોએ સરકાર વિરુદ્ધ પ્રવૃત્તિઓ ચલાવેલી અને 'શિશુ મંડળ' નામે સંસ્થા ઊભી કરી હતી. આ સંસ્થામાં રણછોડભાઈ કલ્યાણજીભાઈ પટેલ તથા નાથુભાઈ પટેલ અગ્રેસર હતા. આ સંસ્થાએ "ભારત-દુર્દશાદર્શન" "ભારતનો ઉષઃકાલ" અને 'રાષ્ટ્રગીતો' નામે ત્રણ પુસ્તકો પ્રગટ કરેલાં, જેમાં 'ભારત-દુર્દશાદર્શન' પુસ્તક તથા જૈન વિજય પ્રેસ સરકારે જપ્ત કરેલાં અને જામીનગીરી માગી હતી.[૨૦] આ જ જિલ્લાના વાંઝ ગામે પ્રખર રાષ્ટ્રવાદી કુંવરજીભાઈ મહેતાએ માંડવો બાંધી સ્વદેશીચળવળનો પ્રચાર કરતાં સરકારે એમની શિક્ષક તરીકે વરાળ ગામે બદલી કરેલી. અહીં એમણે વિદેશી ખાંડ અને વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર કરવા લોકોને અને વિદ્યાર્થીઓને સમજાવેલા.[૨૧]

સાબરકાંઠા વિસ્તારમાં આવેલો મોડાસા મહાલ પણ સ્વદેશી ચળવળમાં જોડાયો હતો. અહીં ચુસ્ત સ્વદેશી કાર્યકર મથુરદાસ ગાંધીએ અગ્રેસર રહી આ ચળવળ ઉપાડી હતી. એમને સાથ અને સહકાર આપનાર મોહનલાલ ગાંધી, જોઈતારામ ભટ્ટ અને વલ્લભદાસ દેસાઈ હતા. મથુરદાસ ગાંધીએ પોતાની જોશીલી જબાનમાં બંગભંગ અને સ્વદેશી વિશે ભાષણો આપતાં એમની આ પ્રવૃત્તિમાં મોડાસાનો યુવક વર્ગ પણ જોડાયેલો. વિદેશી ખાંડના બહિષ્કારના સંદર્ભે ગામના મહાજને મથુરદાસ ગાંધીને જ્ઞાતિ બહાર મૂકવાની ધમકી આપી હતી, પરંતુ યુવકો અને મથુરદાસે ધમકીને તાબે ન થતાં મહાજન આખરે નમી ગયું. અહીં વૈષ્ણવ મહારાજ ગો. શ્રી. વલ્લભલાલજીએ અતિ અગત્યનો ભાગ ભજવેલો,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મથુરદાસે વિદેશી સિગરેટનો આ વિસ્તારમાં બહિષ્કાર પોકારી દેશી બીડીઓનું કારખાનું શરૂ કર્યું હતું અને એ બીડીઓ છેક કલકત્તા સુધી જતી, પણ સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ ધંધો ખોટો છે એમ લાગતાં એ કારખાનું બંધ કર્યું હતું.[૨૨]

ગુજરાતમાં દેશી રાજ્યોમાં પ્રગતિશીલ રાજ્ય તરીકે જેની ગણના થતી હતી તે વડોદરા રાજ્યમાં પણ બંગભંગની ચળવળ ઊપડી હતી. વડોદરા રાજ્યના કેટલાક અમલદારોએ અંગ્રેજ સરકાર સામે સ્વદેશીની પ્રવૃત્તિમાં સાથ આપ્યો હતો. નવસારીના સૂબા દેશપાંડેની સહાનુભૂતિથી બીલીમોરામાં સુપેકર અને એમના પચીસ જેટલા સાથીદારોએ સ્વદેશીપ્રચાર માટે થાણું નાખ્યું હતું. અહીં વ્યાયામ-પ્રવૃત્તિના બહાના નીચે બીલીમોરા પાસેના દેવસર ગામની હદમાં બૉમ્બ બનાવવાની પ્રવૃત્તિઓ ચાલતી હતી.[૨૩] વડોદરા શહેર અને એમાંયે ખાસ કરીને સંખેડા તાલુકામાં સ્વદેશી વસ્તુઓનો પ્રચાર વિશેષ પ્રમાણમાં આ ચળવળ દરમ્યાન થયો હતો.[૨૪]

બંગભંગનું આંદોલન ગુજરાતમાં ઠેર ઠેર વેગવંતું બનતું જતું હતું. રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલા ઘણા પ્રાણવાન યુવકો આ ચળવળ દરમ્યાન આગળ આવ્યા, જેમાં ગોકળદાસ તલાટી, ફૂલચંદ શાહ, મગનભાઈ પટેલ, ચંદ્રશંકર પંડ્યા વગેરે મુખ્ય હતા. આ યુવકો ઠેર ઠેર સભાઓ ભરી લોર્ડ કર્ઝનની નીતિનો વિરોધ કરતા. નડિયાદની સભાઓમાં ગુજરાતના ખ્યાતનામ રાષ્ટ્રપ્રેમી વક્તાઓ હાજર રહી વિદેશી ધૂંસરીમાંથી દેશને મુક્ત કરવાની હાકલ કરતા.[૨૫] સ્વદેશીભાવનાના પ્રતીકરૂપે ૧૯૦૫માં નડિયાદમાં સ્વદેશી વસ્તુભંડાર પણ ખૂલ્યો હતો. આણંદમાં પણ સ્વદેશીચળવળ શરૂ થઈ હતી. આ રીતે ખેડા જિલ્લામાં બંગભંગના આંદોલનથી સ્વદેશી માલનો વપરાશ અને દેશપ્રેમની ભાવના વિશેષ પ્રમાણમાં જાગ્રત થયાં હતાં. ફૂલચંદ શાહ અને નંદલાલ શાહના બાહોશ તંત્રીપણા નીચે 'ગુજરાત' નામનું વર્તમાનપત્ર (દશવારિક) પણ બહાર પડતું તેની લોકપ્રિયતા એવી હતી કે આફ્રિકા સુધી એની નકલો જતી. આ અખબારે જિલ્લાની પ્રજામાં રાષ્ટ્રિય અસ્મિતા પ્રગટાવી, પરંતુ સરકારની કરડી નજર એના પર મંડાતાં, આખરે જપ્તી આવતાં એ બંધ થયેલું.[૨૬] સમગ્ર ખેડા જિલ્લામાં ફૂલચંદ શાહ અને મગનભાઈ પટેલ સભાઓમાં તીખાં ભાષણો કરતા અને બર્વે જેવા સંગીતકારો વચ્ચે વચ્ચે દેશભક્તિનાં ગીતો ગાઈ સભામાં પ્રજાનો ઉત્સાહ ટકાવી રાખતા. ખેડા જિલ્લામાં દેસાઈ પાટીદારો અને નાગર સાક્ષરો આ ચળવળથી અલિપ્ત રહ્યા હતા, પરંતુ નવ જુવાનોનો જુસ્સો વિશેષ પ્રમાણમાં હતો.[૨૭]

બંગભંગની ચળવળ દરમ્યાન બંગાળમાં ક્રાંતિકારી પ્રવૃત્તિમાં મંડાણ થતાં હતાં, જે ધીરે ધીરે સમગ્ર દેશમાં પ્રસરેલી. ગુજરાત પણ આ પ્રવૃત્તિથી બાકાત રહેવા પામ્યું નહિ. અમદાવાદ ખાતે જે દિવસે 'સ્વદેશી ભંડાર' ખુલ્લો મુકાયો તેના સમારંભના દિવસે 'મુક્તિકોન પથેર' નામનું બંગાળી પુસ્તક ટપાલમાં આવ્યું હતું તેમાં બૉમ્બ બનાવવાનું વિવરણ હતું. આણંદના નરસિંહભાઈ પટેલે "વનસ્પતિના નુસખા" અને "યદુકુળનો ઈતિહાસ" નામે પુસ્તકો લખ્યાં, જે કઠલાલના મોહનલાલ પંડ્યાએ નવસારી પાસે એક જંગલમાં છાપખાનું રાખી, એ પુસ્તકો ગુપ્ત રીતે છાપી એની નકલો ગાયકવાડી હદમાં મહેલ્લા ખાતે રાખવામાં આવી હતી. કૃપાશંકર નામનો ક્રાંતિકારી જુવાન વખતો-વખત અમદાવાદ આવી વહેલી સવારે લોકોનાં ઘરોમાં અને દુકાનોમાં એ નાખી આવતો. આખરે પોલીસને ગંધ આવતાં નરસિંહભાઈ પટેલ અને કૃપાશંકરની ધરપકડ થઈ હતી.[૨૮] આ ઉપરાંત બંગાળની ક્રાંતિકારી પ્રવૃત્તિ અંગે છૂપાં પેપરો અને પત્રિકાઓ છોટુભાઈ પુરાણી અને એમની મંડળી મગાવતી.[૨૯] ૧૩ મી નવેમ્બર, ૧૯૦૯ના રોજ અમદાવાદની મુલાકાતે લૉર્ડ મિન્ટો અને લેડી મિન્ટો આવ્યાં ત્યારે એમની બગી પર રાયપુર પાસે ઓર્ફનેજ સ્કૂલ આગળ નાળિયેર-આકારનો બૉમ્બ



For Private and Personal Use Only

ફેંકવાનો નિષ્ફળ પ્રયત્ન થયો હતો. પાછળથી થયેલા બોમ્બ-ધડાકાથી એક સફાઈ કામદારનું મૃત્યુ થયું હતું.[30] આવા એકલ-દોકલ બનાવો બાદ કરતાં એકંદરે ગુજરાત શાંત રહ્યું હતું, એમ છતાં ૧૯૦૯ થી ૧૯૧૧ સુધીના ક્રાંતિકારીયુગ દરમ્યાન હિંદ સરકારે રાજદ્રોહના આરોપસર ગુજરાતમાંથી ૨૨ જેટલી વ્યક્તિઓ પર મુકદ્દમો ચલાવ્યો હતો, જે એક નોંધપાત્ર ઘટના હતી.[31]

રચનાત્મક દૃષ્ટિએ આ આંદોલનમાં અગ્રેસર રહેલા ગુજરાતમાં રાજકીય સાહિત્યિક અને આર્થિક-ક્ષેત્રે મોટી અસરો નીપજેલી. બંગભંગના આંદોલનના પડઘા સુરત અધિવેશનમાં પણ પડ્યા ને એને પરિણામે ગુજરાતના રાજકીય જીવનમાં નવો પ્રાણ રેડાયો. ગુજરાતના રાજકારણમાં પણ નરમ અને ગરમ એવા બે પક્ષોના ભેદ સ્પષ્ટ થયા, પણ રાજકીય જાગૃતિના પ્રતિનિધિ અને સ્વદેશીચળવળના અગ્રેસર અંબાલાલ સાકરલાલ દેસાઈ મવાળવાદી નીતિના મોટા પુરસ્કર્તા હતા. આ ચળવળને પરિણામે ગુજરાતના રાજકીય જીવનમાં નવા પ્રાણ રેડાયા, રાજકીય જાગૃતિ, રાષ્ટ્રિય ભાવના અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓને અનુમોદન મળ્યું.[32] ગુજરાતનાં જ્ઞાતિપંચો મહાજનો યુવકો અને નવા ઉત્સાહી કાર્યકર વર્ગ માટે રાજકીય પ્રવૃત્તિ માટેનાં નવાં દ્વાર આ ચળવળે ખોલી આપ્યાં. ગુજરાતનો નવ-ઉત્સાહિત યુવક વર્ગ હવે પછીની રાષ્ટ્રિય લડતોમાં ભાગ લેવા આગળ આવ્યો.

બંગભંગની ચળવળ એટલે ગુજરાતની રાજકીય અસ્મિતાનો ઉત્થાનકાલ. આ જ અરસામાં પ્રજાકીય કેળવણીની સંસ્થાઓ સ્થાપવાની, સ્વદેશીનો પ્રચાર કરવાની અને હુન્નર ઉદ્યોગ ધંધા અને વિજ્ઞાનના શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિઓ ગુજરાતમાં વિકસાવવામાં આવી હતી. રાજકીય જાગૃતિને પરિણામે સાહિત્ય શિક્ષણ અને સમાજસુધારણાનાં વિવિધ ક્ષેત્રોમાં નવી પ્રગતિ સધાઈ. આ જ ચળવળ દરમ્યાન જ્ઞાતિપંચોનાં સંમેલનો અને અધિવેશનનો થયાં. સુરત અને અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં કન્યાકેળવણીની સ્થાપનાની હિલચાલ, ખેડા જિલ્લામાં ચરોતર એજ્યુકેશન સોસાયટીની સ્થાપના તથા સુરતમાં ઉચ્ચ શિક્ષણ માટેની વ્યવસ્થા વગેરે પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણનો વિકાસ રાષ્ટ્રિય ભાવના સાથે ગતિશીલ બન્યો, જેને આ ચળવળની નોંધપાત્ર અસર ગણાવી શકાય.[32]

સ્વદેશીઆંદોલને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ નવા પ્રયોગો ચાલુ કર્યા. નવીન આવેગ અને ઉન્મેષભરી નવીન પ્રકારની રાષ્ટ્રવાદી કવિતા તેમ ગદ્ય અને પત્રકારત્વનો પણ ઉદ્ભવ થયો. સ્વદેશી અને રાષ્ટ્રિય આંદોલનમાંથી ઉદ્ભવ પામેલા રાજકીય પત્રકારત્વ દ્વારા 'સ્વતંત્રતા મુક્તિ અને સ્વાવલંબન' વિશે ભાવપૂર્ણ ઉત્કૃષ્ટ સાહિત્ય પ્રગટ થયું. ગુજરાતી ભાષાસાહિત્યના સર્જકોની સ્વદેશીભાવનાને પરિપુષ્ટ કરવામાં આ ચળવળે પરોક્ષ રીતે અતિ અગત્યનો ફાળો આપ્યો હતો. અંગ્રેજ રાજ્ય સામે સ્પષ્ટ મક્કમ અને નિર્ભયતાપૂર્વક અભિવ્યક્તિ કરવામાં આ સમયે પ્રગટ થતાં વર્તમાનપત્રોએ પાછી પાની વાળી ન હતી.[33] રાષ્ટ્રભક્તિનાં ગીતોનો નવો ફાલ પણ આ જ અરસામાં ગુજરાતમાં ઊતર્યો. ખેડા જિલ્લાના મગનભાઈ ચતુરભાઈ પટેલે એ સમયે રચેલાં રાષ્ટ્રભક્તિનાં ગીતો સભાઓમાં ઠેર ઠેર ગવાતાં. "એક દિન એવો આવશે જ્યારે અમી-ઝરણાં ઝરતાં પૃથ્વીને પલાળશે" એ ગીત ખૂબ જ લોકપ્રિય અને અસરકારક હતું. આ ઉપરાંત કવિ લલિતનાં રાષ્ટ્રભક્તિનાં ગીતો સભાઓમાં ખાસ ગવાતાં. આ બધાં ગીતોમાં ચંદુભાઈ દેસાઈનાં ગીતો ખૂબ લોકપ્રિય ગણાતાં: "અમે હિંદ બાળ આપણાં હો" "અમે તો ભારતભૂમિનાં બાળ" આવાં ગીતો ગુજરાતમાં ઠેર ઠેર સભાઓમાં અને શેરીઓમાં ખૂબ ઉત્સાહથી આ ચળવળ દરમ્યાન ગવાતાં હતાં. રાષ્ટ્રગીતોને લગતી "સ્વદેશકીર્તન" નામે નાની પુસ્તિકા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમદાવાદથી પ્રાણલાલ ત્રિજલાલે પ્રગટ કરી હતી. આ ઉપરાંત ગુજરાતમાં કેટલાયે બંગાળી યુવકો મિલોમાં વણાટ શીખવા આવેલા તેઓ 'વંદે માતરમ્' અને બીજાં રાષ્ટ્રભક્તિનાં બંગાળી ગીતો સભાઓમાં ગાતા ત્યારે એ સાંભળવા હજારોની મેદની સ્વદેશીસભામાં ભેગી થતી હતી.[33] આ ચળવળ દરમ્યાન રાજકીય જાગૃતિની દૃષ્ટિએ પછાત એવા કાઠિયાવાડનાં દેશી રાજ્યોના જુવાનો "આજકાલ ગોરાઓનો ભંગ છે બંગમાં" અને બીજાં એવાં જોડકણાં ઉત્સાહથી ગાતા હતા.[34]

આમ બંગભંગની ચળવળમાં ગુજરાતનાં મહાજનો વેપારીઓ પારસીઓ ધર્મગુરુઓ જ્ઞાતિપંચો જુવાનો ધારાશાસ્ત્રીઓ પત્રકારો કવિઓ ક્રાંતિકારીઓ અને મજૂરો સહિત સમાજનો પ્રત્યેક વર્ગ જોડાયો હતો તથા આ અનુભવની પરિપક્વતાનો ઉપયોગ ત્યાર પછીની રાષ્ટ્રિય લડતોમાં ગુજરાતે વિશાળ ફલક પર કરી સમગ્ર દેશને નેતૃત્વ પૂરું પાડ્યું હતું. ટૂંકમાં, બંગભંગની ચળવળે ગુજરાતની પ્રજામાં સ્વદેશી સ્વરાજ્ય અને સ્વતંત્રતાની ઉદાત્ત ભાવનાને ગતિશીલતા આપી હતી.

## પાદટીપો


૧. બિપિનચંદ્ર, 'ફ્રીડમ સ્ટ્રગલ,' દિલ્હી, ૧૯૭૩, પૃ. ૭૯
૨. નાગરિક ડાહ્યાભાઈ, 'ઉકળતો ઉપખંડ', આણંદ, ૧૯૭૭, પૃ. ૧૨
૩. છાબરા, જી. એસ, 'એડવાન્સ સ્ટડી ઈન ધ હિસ્ટરી ઑફ મૉડર્ન ઈન્ડિયા,' વૉ. ૨, દિલ્હી–૧૯૬૦, પૃ. ૨૭૧ ૪. નાગરિક ડાહ્યાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૩
૫. દેસાઈ શાંતિલાલ, 'રાષ્ટ્રનો સ્વાધીનતાસંગ્રામ અને ગુજરાત,' અમદાવાદ, ૧૯૭૨, પૃ. ૬૮
૬. યાજ્ઞિક ઈન્દુલાલ, 'આત્મકથા', ભાગ–૧, અમદાવાદ–૧૯૭૭, પૃ. ૧૨૭ ૭. એજન પૃ. ૧૨૭, ૧૨૮
૮. ડૉ. શુક્લ જયકુમાર, 'બેતાળીસમાં અમદાવાદ', અમદાવાદ, ૧૯૮૮૦ પૃ. ૯.
૯. 'સોર્સ ઑફ મેટિરિયલ્સ,' મુંબઈ, વૉ. ૧, પૃ. ૬૦૫ ૧૦. એજન, પૃ. ૬૧૩
૧૧. યાજ્ઞિક ઈન્દુલાલ, પૂર્વોક્ત ગ્રંથ પૃ. ૧૨૯ ૧૨. જુઓ પાદટીપ ૯, પૃ. ૬૧૯.
૧૩. યાજ્ઞિક ઇન્દુલાલ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૨૭ ૧૪. જુઓ પાદટીપ ૯, પૃ. ૬૧૪.
૧૫. એજન, પૃ. ૬૧૪–૧૫ ૧૬. દેસાઈ ઈશ્વરલાલ, 'મુક્તિનું પરોઢ,' સુરત–૧૯૭૪, પૃ ૭૨
૧૭. એજન પૃ. ૭૧ ૧૮. એજન પૃ. ૭૩ ૧૯. એજન પૃ. ૭૦ ૨૦. એજન પૃ. ૯
૨૧. મહેતા સિરીન, 'પીઝન્ટ્રી નૅશનાલિસ્ટ', દિલ્હી, ૧૯૮૩, પૃ. ૬૪
૨૨. ગાંધી રમણલાલ ભોગીલાલ, 'પુરુષાર્થની પ્રતિમા,' વડોદરા, ૧૯૫૯, પૃ. ૧૨૫
૨૩. 'સ્વાતંત્ર્યસંગ્રામમાં ગણદેવી તાલુકો', પૃ. ૧૦
૨૪. જુઓ પાદટીપ ૯, વૉ–૨, પૃ. ૬૭૯.
૨૫. 'ચરોતર સર્વસંગ્રહ' ખંડ ૬, પૃ. ૮૯૬ ૨૬. એજન, પૃ. ૮૯૮
૨૭. પાઠક રામનારાયણ નાગરદાસ. 'સ્વાતંત્ર્યસંગ્રામ ખેડા જિલ્લો,' નડિયાદ, ૧૯૭૯, પૃ. ૫૯
૨૮. જુઓ પાદટીપ ૯, પૃ. ૮૯૬.
૨૯. બિહારીલાલ, 'સ્વરાજ્યનાં સંભારણાં', અમદાવાદ, ૧૯૭૨, પૃ. ૧૭
૩૦. ડૉ. શુક્લ જયકુમાર, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૦ ૩૧. સંપાદક બિહારીલાલ, પૂર્વોક્ત ગ્રંથ,પૃ. ૧૭
૩૨. ડૉ. દેસાઈ શાંતિલાલ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૬૯
૩૩. પારેખ હીરાલાલ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', અમદાવાદ, ૧૯૭૨, ખંડ ૩, પૃ. ૧૪
૩૪. ડૉ. જાડેજા દિલાવરસિંહજી, 'ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા', વલ્લભ-વિદ્યાનગર, ૧૯૭૪ પૃ. ૧૧૭




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્રમાં ગૂહિલો

અધ્યા. કે. કા. શાસ્ત્રી

૧. માંગરોળ(સોરઠ)માં બજાર-ચોકમાંથી પૂર્વના ઝાંપા-બજારવાળા રાજમાર્ગમાં પ્રવેશ કરતાં મસીદને અડીને આવેલા ડાબા હાથના રેવદવાડાના પહેલા ખાંચામાં પ્રવેશ કરતાં અને થોડું ચાલતાં જમણા હાથની ગલી શરૂ થાય છે ત્યાં ઉત્તરમાં પગથિયાંવાળી સોઢળી વાવ આવેલી છે. આ વાવ સં. ૧૩૭૫ (ઈ.સ. ૧૩૧૯)માં મોઢ જ્ઞાતિના ભણી સોઢલે પોતાના શ્રેય માટે જૂનાગઢના રાઉલ શ્રીમહીપાલદેવના રાજ્યમાં (માંગરોળમાં) બનાવરાવી હતી, જેનો શિલાલેખ મોટા અક્ષરોએ વાવના દક્ષિણ પ્રવેશથી ઊતરીએ જતાં લગભગ ૩ પગથિયાં ઊતરતાં ડાબે હાથે નાળ વળે છે ત્યાં ઉપરના મથાળે જડેલે રસ્તે ઉપર આવેલા એક પથ્થરી બારોટમાં પૂર્વાભિમુખ કોતરાયેલો છે, પરંતુ આ વાવમાં પ્રવેશ કરતાં જ જમણે દીવાલમાં ઊભો ચોડેલો કુમારપાલના રાજ્યકાલનો સં. ૧૨૦૨ (ઈ.સ. ૧૧૪૬)નો સંસ્કૃત ભાષામાં રચાયેલો કાળા ગ્રેનાઈટ પથ્થરનો શિલાલેખ ક્યાંક બહારની જગ્યાએથી લાવેલો કોઈ મંદિરનો હોય તેવો જોવા મળતો હતો. અમારો સારી રીતે જોયેલો આ અભિલેખ હાલ ત્યાં નથી અને જૂનાગઢમાં સુરક્ષિત છે એમ જાણવામાં આવ્યું છે. આ લેખ સાહારના પુત્ર સહજિગના પુત્ર સોમરાજે મોટા ભાઈ મૂલુકની માંગરોળમાં અણહિલ્લપત્તનના રાજવી કુમારપાલના 'સૌરાષ્ટ્રરક્ષાક્ષમ' નાયક તરીકે સત્તા હતી ત્યારે 'સહજિગેશ્વર' મહાદેવનું મંદિર બનાવડાવ્યાની હકીકત સાચવી રાખે છે. આ કુળ ગૂહિલ હતું. સહજિગેશ્વર મહાદેવનું મંદિર ચોરવાડથી વિસણવેલના માર્ગે એક વાવ છે અને ત્યાં 'જડેશ્વર મંદિર' તરીકે આવેલું છે તે એવી સંભાવના કરવામાં આવી છે. (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૪ : સોલંકીકાલ, પૃ. ૧૫૧-૧૫૨, આ પૃષ્ઠો અમારા તરફથી લખાયાં ત્યાં આ વાત નોંધાયેલી છે.) આ વિશે વિશેષ ઊંડા ઊતરતાં અમને એક સંભાવના નવી વધુ સંગત લાગી છે. આ અભિલેખમાં મહાદેવના ઉપયોગ માટે જે જે ગામની જગાત લખવામાં આવી છે તેમાં પહેલું નામ માંગરોળનું અને બીજું નામ ચોરવાડનું છે એટલે માંગરોળમાં કે માંગરોળની નજીકમાં આ મંદિર હોય. માંગરોળ અમારું જન્મસ્થાન તેમજ વતન છે અને એના ઐતિહાસિક હિંદુ-મુસ્લિમ અવશેષો જરા ઊંડાણથી જોવા-વિચારવાનો અમને યોગ મળ્યા કર્યો છે. માંગરોળના ઉગમણા જેલ ઝાંપાથી પૂર્વમાં કામનાથ મહાદેવ(૭ કિ.મી. ઉપર)ના રસ્તે થોડાક ફર્લાંગ આગળ જતાં ડાબે હાથે એક તળાવ છે. આ તળાવની દક્ષિણ પાળમાં વચોવચ એક બાકો વધારાનું પાણી નીકળવા માટેનો છે તેમાં અને આજુબાજુની પાળના ઢોળાવમાં કેટલાક ભગ્નાવશિષ્ટ પથ્થરો પડેલા છે. આ પથ્થરો કોઈ દેવાલયના હોય એવું અમને જણાયું છે. આ દેવાલયમાં ઉપરનો અભિલેખ હશે, જે દેવાલયનો નાશ કરાયા પછી ત્યાંથી લાવીને સોઢળી વાવ થઈ ત્યારે સુરક્ષિતતાની દૃષ્ટિએ પગથિયાંની પૂર્વની દીવાલમાં ચોડી દેવામાં આવ્યો. આ રીતે વિચારતાં સહજિગેશ્વર મહાદેવનું મંદિર આ તળાવની કાંઠે જ આવેલું હોય. ગમે તે હોય આ અભિલેખ પ્રમાણે સાહાર, એનો પુત્ર સહજિગ અને એના બે પુત્રો મૂલુક તથા સોમરાજ હતા. આ મૂલુકનો 'રાણક' નામે પુત્ર હતો, જેનો અભિલેખ કામનાથ મહાદેવના મંદિરમાં ઓરસિયા તરીકે વપરાતો વલભી સંવત ૯૧૧ (વિ.સં. ૧૨૮૬, ઈ.સ. ૧૨૩૦)નો જાણવામાં આવેલો. આ પથ્થર મહાદેવને નૈવેદ્ય ચડાવવાને માટેનો હતો, પરંતુ પછીથી ઓરસિયા તરીકે વપરાયો હોવાથી વચ્ચેનો ભાગ ઘસાઈ જતાં એટલો ભાગ અવાચ્ય બની ગયેલો. આ પથ્થર મહાદેવના મહંતને ત્યાં પડેલો જાણવામાં આવ્યો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ગૂહિલો 'ચૌલુક્યાંગનિગૂહક' એટલે કે ચૌલુક્ય રાજવીઓના અંગરક્ષક તરીકેની સેવા આપત હતા અને સૌરાષ્ટ્રનું રક્ષણ કરવા શક્તિમાન હતા તેથી જ પ્રથમના અભિલેખમાં ઠા.મૂલુકનું 'સુરાષ્ટ્રાનાયક' વિશેષણ એની સૌરાષ્ટ્રની સૂબાગીરીનું સૂચક છે અને એની રાજધાની માંગરોળમાં સંભવે છે

માંગરોળથી વાયવ્ય કોણ ઉપર (૨૬કિ.મી.) સમુદ્રતીરે આવેલા માધવપુર-ઘેડ નામના નાના નગરમાં પણ એક અભિલેખ સં. ૧૩૧૯ (ઈ.સ. ૧૨૬૩) આસપાસનો છે, જે શ્રી માધવરાયજીનું મંદિર બંધાવનારા કુંરપાલ(કુમરપાલ)નો છે. આ લેખમાં ક્ષત્રિયવંશના નૃપતિ મોલ્હણ, એનો પુત્ર નરપાલ અયપાલ અને એનો આત્મજ ઉક્ત કુંરપાલ છે. 'કુમરપાલ' તરીકે એ લેખના આરંભે છે. લેખ તૂટક છે, વંશની ખ્યાત પણ તૂટક છે, પણ 'ગૂહિલ' એવો ભાસ થાય છે. આ શાખાનો સાહારવાળી શાખ સાથે સંબંધ પકડી શકાતો નથી.

આ ગૂહિલો સૌરાષ્ટ્રમાં ક્યાંથી ક્યારે આવ્યા એ સ્પષ્ટ નથી, પરંતુ અણહિલ્લપત્તનના રાજવી- પ્રતિનિધિ તરીકે સૌરાષ્ટ્રમાં છેક માંગરોળ સુધી આવ્યા છે. સાહાર આવ્યો કે સહજિગ આવ્યો એ કહેવાનું પણ આપણી પાસે સાધન નથી. એટલું જ કે એ ગૂહિલો ઉત્તરમાંથી આવેલ હતા.

૨. બીજો ગૂહિલવંશ ભાવનગર રાજ્યનો સમગ્ર વિભાગને 'ગોહિલવાડ' નામ આપનારો છે. આ વંશનો સૌરાષ્ટ્રમાંનો આદ્ય પુરુષ સેજકજી સં ૧૩૦૬-૭ (ઈ.સ. ૧૨૫૦)માં સૌરાષ્ટ્રમાં આવ્યો હતો. મારવાડમાં ખેરગઢની ગાદીએ એ હતો ત્યાંથી એને જયચંદ્ર રાઠોડના ભત્રીજાએ હરાવી ગૂહિલોને હાંકી કાઢ્યા હતા. જ્યારે પંચાળમાં સેજકજીને બાર ગામોની જાગીર મળી ત્યારે સેજકપુર એણે વસાવ્યું હતું. એના પછી ઈ.સ. ૧૨૯૦ માં સત્તા ઉપર આવેલા એના પુત્ર રાણોજીએ રાણપુર વસાવેલું આ પછીનો ઈતિહાસ સેજકજીના ગૂહિલવંશજોનો નિર્વિવાદાત્મક છે.

આમ આપણી સામે બે ગૂહિલવંશો આવે છે. સહજિગ અને મૂલુક ગૂહિલનો સમય ઈ.સ ૧૧૪૬ સુધીનો છે, જ્યારે સેજકજીનો સમય ઈ.સ. ૧૨૫૦ આસપાસનો છે. આમ બંને વચ્ચે એક સૈકાથી વધારેનો ગાળો છે એટલે બંનેની એકાત્મકતાનો કોઈ જ સંભવ નથી. માંગરોળ-સોરઠ અને માધવપુર-ઘેડના અભિલેખોમાંના ગૂહિલોના વંશજો આજે ક્યાં હશે એ જાણવાનું અત્યારે તો આપણ પાસે કોઈ સાધન નથી. શ્રી શંભુપ્રસાદ હ. દેસાઈનો અભિપ્રાય આ વિષયમાં બહુ સ્પષ્ટ છે.

---

## ગ્રાહકોને વિનંતિ

જે વાર્ષિક ગ્રાહકોનાં લવાજમ જે તે મહિને પૂરાં થાય છે તેના ગ્રાહક-નંબરને સરનામામાં **અર્ધવર્તુલ** કરવામાં આવે છે. નવા ગ્રાહકનું લવાજમ ન આવ્યું હોય તો અંક મોકલવાનું બંધ કરવામાં આવે છે, જૂના ચાલુ ગ્રાહકોને તો લવાજમ તે તે વર્ષનું પૂરું થતાં પણ અંકો મોકલાયે જાય છે. આને પરિણામે વધુ મહિના ખેંચાયે જાય છે. અમારી વિનંતિ છે કે આવા જૂના ચાલુ ગ્રાહકોને પોતાને ચાલુ રહેવાનું છે કે નહિ એ વિશે પત્રથી જણાવવા વિનંતિ. લવાજમ ભલે થોડું મોડું આવે.

**-તંત્રી**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહારાણી ઉદયમતિની વાવ

શ્રી કાંતિલાલ ત્રિપાઠી, 'પરોળીવાળા'

ભારતભરની જળ(વાવ)સ્થાપત્યકલામાં કલાકૌશલ્યથી ભરપૂર અદ્ભુત અને અજોડ બેનમૂન, વિશિષ્ટ કલાધરોની કલાનો નિચોડ દર્શાવતી આકર્ષક રૂપમંજરીઓથી ભરપૂર જોવાલાયક પ્રશંસાપાત્ર ભારતની માત્ર એક જ વાવ ફક્ત ઉત્તર ગુજરાત ખાતે પાટણમાં જ આવેલી છે.

ગુજરાતનાં પ્રધાન નગરોમાં પાટણ નગરીએ પણ સર્જેલા એના ઇતિહાસમાં રાજકીય ધાર્મિક સાંસ્કૃતિક અને આર્થિક દૃષ્ટિએ પણ મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી જન-જીવનમાં સદ્ભાવનાઓ આચારો વિચારો સંસ્કારિતા તેમજ જીવન અને સ્વભાવના ઘડતરમાં સૌથી મોટો ફાળો અર્પેલો છે એવા એ પાટણનો ઇતિહાસ ચાપોત્કટવંશી વનરાજ ચાવડાથી શરૂ થાય છે. એણે સૌ-પ્રથમ ઈ.સ ૮૪૬ માં એટલે કે સંવત ૯૦૨ માં ઉત્તર ગુજરાતનાં લખ્ખારામ નામે પ્રાચીનતર ગામના સ્થાને જિનપ્રભુસૂરિના પ્રાકૃત 'વિવિધ તીર્થકલ્પ'માંની માહિતી પ્રમાણે અણહિલ્લપુર-પાટણ, અણહિલ્લપુર-પત્તન વસાવેલું, જે ગુજરાતના જૂના પાટનગર તરીકે મશહૂર છે.

સંવત ૯૯૭ માં એટલે કે ઈ. સ. ૯૪૨ માં મૂલરાજ સોલંકીના અણહિલ્લપુર-પાટણમાં રાજ્યારોહણકાલથી માંડી સંવત ૧૨૨૯ એટલે કે ઈ. સ. ૧૧૭૩ માં કુમારપાલના અવસાન સુધીના લગભગ સવાબસો વર્ષના ગાળામાં પાટણનો ઉત્તરોત્તર સર્વાંગી વિકાસ સધાતાં સધાતાં ચારકોશી ચોક અને ચોર્યાશી બજારોથી પથરાયેલું એવું એ સુખ સંપત્તિ અને સમૃદ્ધિથી ભરપૂર શક્તિશાળી નગર હતું.

જેનાથી પાટણનો ઇતિહાસ શરૂ થાય છે તેવા ચાવડાઓના સમયમાં એ ખૂબ ધમધમતું નગર હતું, જે સોલંકીસમયમાં ભારતવર્ષનું સૌ-પ્રથમ મહત્ત્વનું મોટું શ્રીમંત અને શ્રીમંતાઈવાળું માત્ર આ એક જ શહેર લેખાતું હતું કે જેણે દસમી સદીથી માંડી તેરમી સદી સુધી સંપૂર્ણ જાહોજલાલી ભોગવી છે, ઉન્નતિનો સુવર્ણયુગ જોયો છે. એવું એ રાજપૂત-કાલમાં ગુજરાતની રાજધાની બનેલું શહેર હાલના પાટણથી બે માઈલ દૂર, પશ્ચિમે સરસ્વતી નદીના દક્ષિણ કિનારે આવેલ, જે સંસ્કૃત સાહિત્ય પ્રમાણે અણહિલ્લપાટક શ્રીપત્તન અણહિલ્લવાટક અણહિલ્લપત્તન પત્તન પુટભેદન અણહિલ્લપુર, અપભ્રંશ સાહિત્યમાં અણહિલ્લવાડ અણહિલ્લવાડય. અણહિલ્લપટ્ટણ તેમજ મુસલમાન ઇતિહાસકારોમાં નહરવાલા પાટણ વગેરે નામોથી ઓળખાતું હતું, જેનાં આજે ઐતિહાસિક સ્મારકો એના ભગ્નાવશેષો દ્વારા પોતાની ગૌરવપૂર્ણ ગાથાની ઐતિહાસિક યાદ અપાવે છે. એવા એ સ્થાને વસેલું ગામ અનાહલપાટ તરીકે અને હાલમાં 'અનાવાડ'ના નામે હજુ પણ ઓળખાય છે. અનાવાડ નામનો ઉલ્લેખ 'કુમારપાલચરિત' નામક ગ્રંથમાં મળે છે. કાળચક્ર જગતમાં ફેરફાર કરે છે. એ કાળનો સપાટો આ નગરને પણ નડ્યો આથી એ સ્થાનથી ખસીને બે માઈલ દૂર વસેલું શહેર, જે કુમારપાલના સમયમાં જૈન શ્વેતાંબરોથી ભરેલું અને ગાયકવાડના સમયમાં ગાયકવાડી પાંચ મોટાં શહેરોમાંનું એક મોટું શહેર લેખાતું હતું તે હાલનું પાટણ-પટ્ટણ! 'પટ્ટણ' શબ્દનો અર્થ કલ્પસૂત્રની સુબોધિકા ટીકા કરનારે એવો આપેલો છે કે જળ અને સ્થળ બંને માર્ગેથી જઈ શકાય તે 'પટ્ટણ' કહેવાય, પરંતુ હાલમાં આપણે 'પટ્ટણ સો દટ્ટણ'-'નામ તેનો નાશ' એવું જ અર્થઘટન કરીશું, કેમકે ઉદય અને અસ્ત, ચડતી અને પડતી, જન્મ અને મરણ, વિકાસ અને વિનાશ એ દરેકને માટે નિશ્ચિત છે જ, પછી સજીવ હોય યા નિર્જીવ!



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છસો વર્ષ સુધી ગુજરાતની રાજધાની તરીકે પ્રખ્યાતિ પામી ચૂકેલ આ પાટણમાં 'મહારાણી ઉદયમતિની વાવ'ના બેનમૂન કલાત્મક જલસ્થાપત્યે હજુ સુધી ગુજરાતની પ્રજામાં અને ભારતમાં એનું વિશિષ્ટ સ્થાન જાળવી રાખેલું છે.

ગુજરાતમાં પ્રખ્યાતિ પામેલી વાવો, જેવી કે ઈસનપુરની જેઠા મૂળજીની વાવ, અડાલજની તેમજ અમદાવાદની માતા ભવાનીની વાવ કરતાંય બેનમૂન જોવાલાયક વાવ તો એક સમયે ગુજરાતની રાજધાની બનેલા આ પ્રાચીન શહેર, અણહિલ્લપુર પાટણની પશ્ચિમે હાલમાંના સહસ્રલિંગ તળાવની પહેલાં રેલવે પાટા નજીક, ઈ. સ. ૧૦૨૨ થી ૧૦૬૩ સુધી એટલે કે સંવત ૧૦૭૮ થી ૧૧૧૯ ના સુધીના સમયના પાટણના અધિપતિ રાજા ભીમદેવે 'પ્રબંધચિંતામણિ'ના ગ્રંથ પ્રમાણે પાટણમાં ત્રિપુરાપ્રાસાદ બંધાવેલો અને પોતે રાજકુમાર હતો ત્યારે બંધાવેલ અને મહમદ ગઝનીથી ખંડિત થયેલ સોમનાથમંદિરને પણ સમરાવેલું. એવા એ ભીમદેવ પહેલાની મહારાણી-રાણી ઉદયમતિએ પૂર્વ-પશ્ચિમ મીટરમાં ૮.૩૫ અને ઉત્તર-દક્ષિણ ૮.૭૫ તથા ઘેરાવાવાળા કૂવાસહ ૧૦ મીટર એટલે કે ૩૩ ફૂટ ઊંડા કૂવા સાથે, ૫૭.૯૦ મીટર એટલે કે ૧૯૦ ફૂટ લાંબી, ૧૫ મીટર એટલે કે ૪૯ ફૂટ પહોળી વિશાળ લંબચોરસ, અલંકૃત કલાત્મક પ્રતિમાઓથી સુસજ્જિત, જેનો નમૂનો આજે ભારતભરમાં ક્યાંય જોવા મળતો નથી તેવી પૂર્વાભિમુખી, સાતમાળી, જેનાં પ્રવેશદ્વાર આશરે ત્રણ હોઈ શકે અને જેના દિક્પાલ ઈશાન-ઈન્દ્રદેવ છે એવી વાવ, પવિત્ર સરસ્વતીથી દક્ષિણે થોડે દૂર, જે સ્મશાનના અંત ભાગે, સિદ્ધેશ્વર પાસેના કાકતીર્થમાં થઈને વહેતી હતી ત્યાં પાટણની પ્રજાના લાભાર્થે વાવ બાંધવામાં આવી હતી. એ સમયે વાવ નગરની નજીકમાં હતી, એટલે કે એ સમયમાં નગર હાલમાં આવેલ પ્રાચીન કાલિકા માતાજીના મંદિર તરફે એનાથી પશ્ચિમમાં વસેલું હતું, જેની ફરતી દીવાલના જમીનદોસ્ત અવશેષ હજી સુધી જોવા મળે છે.

રાજા ભીમદેવ ૧ લાને બે રાણીઓ, જેવી કે મહારાણી ઉદયમતિ પટ્ટરાણી હતી, જે રાજપૂત કન્યા હતી. બીજી રાણી બૌલાદેવી કે જે પૂર્વે સૌરાષ્ટ્રમાં આવેલ સોમનાથ મહાદેવ અને ભગવાન કાલેશ્વરને પોતાનું જીવન સોંપી એમની દેવાંગના-દેવી નર્તિકા બનેલી હતી. ('બકુલા'-'બૌલા', 'ચૌલા' નહિ)

મહારાણી ઉદયમતિએ કર્ણ તેમજ મિનળદેવીનું લગ્ન બહુ જ કુનેહપૂર્વક કરાવી રાજ-સંઘર્ષ ટાળ્યો હતો. મિનળદેવીએ સિદ્ધરાજ જયસિંહના રાજકાળનાં વર્ષોમાં રાજ્યને સ્થિર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો હતો.

નાઈકાદેવીએ પણ બહુ જ બહાદુરીપૂર્વક મુસલમાનોનાં આક્રમણોને હઠાવી ગુજરાતને બચાવેલું હતું. રાજા ભીમદેવ ૧ લાના સમયમાં રાજાનાં દાનપત્રોમાં મહારાણીની સહી જોવા મળતી હોય છે, આથી એમ લાગે લાગે છે કે પાટણમાં એ વાવની ખાસ જરૂરિયાત લાગતાં પ્રજાહિત ખાતર એ બાંધવામાં મહારાણી ઉદયમતિએ અંતિમ નિર્ણય લીધો હશે અને રાજ્ય-ખર્ચે બાંધવા તથા એ અંગે રાજધન ખર્ચવા રાજપત્ર પોતાની સહીથી બહાર પાડેલો હશે ! એ વાવ સાથે પાટણની પ્રજાએ મહારાણી ઉદયમતિનું નામ સાંકળી દીધું અને ત્યારથી એ સમયથી એ કલાત્મક બેનમૂન વાવ 'મહારાણી ઉદયમતિની વાવ'-'રાણકી વાવ' તરીકે ઓળખાવા લાગી, જેમ ધોળકા તથા વીરમગામમાં બંધાવેલાં તળાવ સાથે મિનળદેવીના નામને સાંકળવામાં આવેલું છે. એ જ મિનળદેવીએ સોમનાથ જતા યાત્રાળુઓ ઉપરનો કર-વેરો પણ દૂર કરાવી આમ પ્રજામાં કીર્તિ સંપાદિત કરેલી.



For Private and Personal Use Only

ખાસ કરીને વાવો પાણીનું તળિયુ ઊંચું હોય તેવાં સ્થાનોમાં જ બાંધવામાં આવતી હોય છે. પાટણ ખાતે રાણીની વાવ અંગે એમ ન કરતાં, સરસ્વતી નદીના કિનારે ન બાંધતાં, દુર્લભ-સરોવરના કિનારાથી પણ થોડે દૂર અંતરે સ્થાન પસંદ કરવામાં આવેલું હતું, કેમકે ભવિષ્યમાં સરસ્વતી લુપ્ત બને યા વહેણ પલટે યા એમાં અવારનવાર પૂર આવતાં રહે તો એનો કચરો તેમ એવા ફૂંકાતા રહેતા પવનને કારણે ઊડતી રેતીથી વાવ ભરાઈ ન જાય, રેતીના ઢગ એમાં પથરાય નહિ અને અનુપમ વાવ તથા એનાં શિલ્પો સુંદર રીતે જળવાઈ રહે એ દૃષ્ટિએ સહસ્રલિંગ તળાવ તથા નદીકિનારાથી દૂર એવું સ્થાન પસંદ કરી આયોજન કરેલું, પરંતુ જે બીક હતી તે જ એને આડે આવી ! સમય જતાં બેનમૂન અજોડ વાવ-સ્થાપત્ય કાળના મુખમાં હોમાઈ ગયું, નહિ તો હાલમાં અકબંધ જેવી સંપૂર્ણ સુરેખ, જમીનમાં દટાયેલી, જળવાઈ રહેલી 'મહારાણી ઉદયમતિની વાવ' જે મળી આવી છે તે મળી આવી ન હોત !

વાસ્તુશિલ્પગ્રંથો, જેવા કે 'અપરાજિતપૃચ્છા' 'સમરાંગણ-સૂત્રધાર' વગેરેમાં ચાર પ્રકારની વાવો દર્શાવેલી છે: જેનું મુખ્ય પ્રવેશ દ્વાર અને ત્રણ માંડવી યાને માળ હોય તે 'નંદા' કહેવાય. બે દ્વાર, પરંતુ છ માળ-માંડવીઓ હોય તો એ 'ભદ્રા' કહેવાય. ત્રણ દ્વાર, પરંતુ નવ માળ હોય તે 'જયા' અને ચાર દ્વાર, પરંતુ અચોક્કસ માપ અને માંડવીઓની-માળોની સંખ્યા નક્કી નથી તેને 'વિજયા' કહેવામાં આવે છે.

આ વાવ કયા પ્રકારની છે એ કહેવું લખવું મુશ્કેલ તો ખરું જ, કેમકે વાવનાં પ્રવેશદ્વાર કેટલાં હતાં એ હજુ સુધી પ્રાપ્ત થયાં નથી તેમજ વાવ પથ્થરોથી બનાવેલી છે કે પથ્થરોથી મઢેલી કે કે પથ્થરોનાં રક્ષણ નીચે ઈંટોની દીવાલ બાંધેલી છે વગેરે રહસ્યો હજુ ખૂલ્યાં નથી ! ત્યાં આગળ ખોદકામ થવું જરૂરી છે, જેથી ઉત્ખનન દ્વારા મુખ્ય પ્રવેશદ્વાર કેટલાં હતાં એ વગેરેના પાયા મળી આવે તો એનું ખરું ચિત્ર સાંપડે ! બાકી સાત માંડવીઓ-માળ હોઈ આ વાવ 'જયા' પ્રકારની છે.

સોલંકી-સમયમાં ગુજરાતની સંસ્કારિતા અને સંસ્કૃતિનાં દર્શન કરાવતી મહારાણી ઉદયમતિની વાવ સંપૂર્ણ હિંદુપદ્ધતિ અનુસાર શિલ્પ તેમજ વાસ્તુશાસ્ત્ર મુજબ જ થયેલી છે, જેમાં દેવ-દેવી-ઓ ને દ્વારપાળો અપ્સરાઓ રૂપમંજરીઓ નવ-ગ્રહ સપ્તમાતૃકાઓ દુર્ગાઓ દશાવતારો વગેરેનું જેને જે દિશામાં સ્થાન મળવું જોઈએ તે પ્રમાણે તેવું સ્થાન છે. અન્ય વાવોમાં હનુમાનજીની મૂર્તિ જોવા મળતી હોતી નથી, પરંતુ અહીંયાં એમને પણ સ્થાન અર્પેલું હોઈ સૌનું વિશેષ ધ્યાન ખેંચે છે. અહીં એ સમયમાં પ્રચારમાં આવેલી વારાહદેવ અને વારાહીમાતાની મૂર્તિઓનાં પણ દર્શન થાય છે.

કેટલાંક રતિક્રીડાનાં દશ્યો પણ જોવા મળે છે, પાટણમાં વારાહમંદિર પણ બાંધવામાં આવેલું. રાણીની વાવમાં ઊતરતાં જ સૌ-પ્રથમ નજરે આંખે વળગી જાય તેવાં આંખના લેવલમાં જ, દીવા-લોના ગવાક્ષોમાં બેસાડેલી દેવપ્રતિમાઓ કરતાં ગવાક્ષોની વચ્ચે વચ્ચે ખૂબ આકર્ષક રીતે, રૂપમંજરીઓને જે બેસાડવામાં આવેલી છે તે જ સૌનું આકર્ષણ કરતી હોય છે, એને કારણે જ વાવ લોકપ્રસિદ્ધિ પામેલી છે.

રૂપમંજરીઓમાં કાંસકીથી વાળ ઓળતી, કેશકલાપ કરતી, આરસામાં જોતી, આંખે કાજળ આંજતી, બંસરી બજાવતી, પખાજ ઢોલ મૃદંગ શરણાઈ વગાડતી, તો કોઈ પૂજા સામગ્રી લઈ જતી, સ્તનપાન કરાવતી પુત્રજનની માતા, તો કોઈ સ્નાન કરીને ઊભી થયેલી અને એના વાળમાંથી ટપકતા



For Private and Personal Use Only

પાણીને ચાતક પક્ષી જાણે પીવા મથી રહ્યું ન હોય એવાં દશ્યવાળી પ્રેમપ્યાસી, તો કેટલાક સ્થાને રતિક્રીડાનાં કેટલાંક નજીવાં શિલ્પોને પણ સ્થાન અર્પેલું છે; જેમકે એક નગ્ન સ્ત્રી નગ્ન પુરુષને જોતાં એક ખૂણે સંતાઈને એક આંખથી ખાનગીમાં એ ન જોઈ જાય તેમ એને જોતી હોય છે, તો નગ્ન પુરુષ નગ્ન સ્ત્રીને જોતાં એ પણ એક ખૂણે સંતાઈને એક આંખથી એને જોતો હોય છે. આવાં અનેક શિલ્પો મોઢેરાને પણ ભુલાવી દે તેવાં આ સ્થાને કોરેલાં છે.

કલાધર શિલ્પીઓએ પોતાની કલાનો નિચોડ એ રૂપમંજરીઓમાં ઠાલવી દીધેલો છે. રૂપમંજરીઓની સપ્રમાણ દેહલતા, નારીદેહનું લાવણ્ય, સ્તનપ્રદેશનો ઉભાર, વિવિધ કેશગુંફનો, ચહેરાના ભાવો તેમજ અંગભંગીઓમાંથી નિષ્પન્ન થતું લાલિત્ય! જાણે હમણાં જ પ્રસ્થાન કરી રહી છે, આવી રહી છે, જઈ રહી છે એવો થતો આભાસ! પગની ચાલો પાનીઓ અને ચાલતાં ચાલતાં પગનો રહેતો અધ્ધર અંગૂઠો, જે જમીનને પણ સ્પર્શ કરતો નથી. બારીક વસ્તુઓનું પણ ધ્યાન રાખી દશ્યમય આલેખવામાં–કોરવામાં શિલ્પીઓએ એમની કલા બતાવવામાં-પાથરવામાં હદ કરી નાખી છે.

આ વાવ કલાસ્થાપત્યમાં અપૂર્વ છાપ પાડતી હતી તેટલી વાવના કૂવાના પાણી (જળ) અંગે પણ વિખ્યાત બનેલી હતી. ત્યાંથી એ કૂવામાંથી સામાન્ય જન પણ પાણીના લોટા ઘડા વગેરે ભરી જતા હતા, કેમકે એ પાણી પીવાથી મોટી ઉધરસ-ઉટાંટિયાનો રોગ મટી જતો કહેવાતો. કેટલાક લોકો બાધા-માનતા રાખી ત્યાં આવતાં જતાં હતાં, કેમકે સામાન્ય જનને એ ખબર હોતી નથી કે આ કૂવાના પાણીમાં રહેલા અને આવતા રહેતા ક્ષારો ઔષધિતત્ત્વો મિશ્રિત હોવાને કારણે મટે છે. કેટલીક વાવોમાં પાણી રંગ પણ બદલતું હોય છે, કેટલીક વાવોમાં સ્નાન કરતાં ચર્મરોગ પણ નાબૂદ થતા હોય છે. સુરતની ખોપલી માતાની વાવના પાણીથી મોટી ઉધરસ-ઉટાંટિયું મટી જતું કહેવાતું. વડોદરા-મકરપુરા જવાના રસ્તા ઉપર આવેલ કોઢી વાવમાં સ્નાન કરતાં ચર્મરોગ નાબૂદ થતા કહેવાતા. આ અંગે વૈજ્ઞાનિક પૃથક્કરણ પણ થયેલું છે. આમ આ મહારાણી ઉદયમતિની વાવ વ્યાધિનાશ કરનારી પણ મનાયેલી હોઈ સૌરતીર્થ તરીકે પણ મનાતી. આમ જનસમાજમાં વાવના કલાસ્થાપત્ય અને એના પાણીથી વ્યાધિનાશ થાય એવા બંને રીતે થયેલ અદ્ભુત સંજોગ–મિલનને કારણે સમસ્ત મહાગુજરાતમાં પણ વિખ્યાત બનેલી હતી.

વાવના કૂવાને જોઈશું તો દેવો માટે ગવાક્ષો બનાવતા, એને જરૂરી અટારીઓ છોડતા છોડતાં કૂવાને કૂઈ જેવો બનાવી દીધેલો છે.

વાવના કૂવાનો અભ્યાસ કરતાં લાગે છે કે એ સમયનો રાજા ભીમદેવ ૧ લો રુદ્રભક્ત હતો અને એના ઇષ્ટદેવ પણ રુદ્ર હતા. કૂવાની પશ્ચિમી દીવાલના મધ્ય ભાગે, રાજવી કુટુંબોને પોતાના ઇષ્ટદેવનું સ્મરણ થાય એ હેતુથી, શિવનું પ્રતિષ્ઠાપન કરેલું છે. ત્યારબાદ યોગનારાયણ અને છેલ્લે કૂવાના જળ પાસે શેષશાયી વિષ્ણુ ભગવાનની સ્થાપના કરવામાં આવેલી છે. શિવ-બ્રહ્મા–વિષ્ણુને ત્રિસ્વરૂપે એક જ સ્થાનમાં સમાવી સ્થાન અર્પી આ હરિ–હરનું સ્થાન છે એમ દર્શાવેલું લાગે છે.

કૂવાની ઉત્તર દિશામાં ઉમા મહેશ, વિઘ્નનાશક વિનાયક તેમજ નૃત્ય કરતા શ્રીગણેશજીની પ્રતિમાઓ જોતાં કૂવો મહેશ્વરનો રુદ્રકુપ લાગે. દક્ષિણે દુઃખ મુક્ત કરનાર બ્રહ્મા–બ્રહ્માણીને જોતાં બ્રહ્મકુંડ લાગે. એ જ દિશાની દીવાલમાં ઋષિ મુનિવરો સહ પત્નીઓ નરચર વગેરેથી. પશ્ચિમમાં જલશાયી જગદ્યોનિ ભગવાન વિષ્ણુને જોતાં વિષ્ણુકુંડ લાગે. કૂવાની અંદર ઉપરના મથાળાના ભાગે સાદા એવા બ્રેકેટો ન મુકતાં સીધા અને ઊભા એવા ઝીંઝુવાડાના દરવાજાઓની કોતરણીને યાદ આપે તેવા આઠેક કલાત્મક કોતરણી–



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાળા જોડિયા ગોખલા મુકેલા છે અને એ એકબીજાની વચ્ચેનું અંતર તપાસતાં તેમજ પૂર્વ તરફની દીવાલ યા દિશા તરફે કોઈ જઈ શકે એમ નહોતાં તથા પશ્ચિમ દિશામાં મુખ્ય ઇષ્ટદેવોને સ્થાપન કરેલા હોઈ એ બાજુથી પાણી ખેંચાય એ યોગ્ય નથી એમ માની યાત્રિકો ફક્ત ઉત્તર તેમજ દક્ષિણ દિશાએથી જ પાણી ખેંચી શકે એવી રચનાવાળું આયોજન એટલે કે કલાત્મક ઘૂમટ યા છત્રીનું આયોજન કરેલું હશે.

હાલમાં વાવનાં મુખ્ય પ્રવેશદ્વારો, એની ઉપરની બે માંડવીઓ, કૂવાની ઉપરનો ઘૂમટ યા છત્રી વગેરેનો નાશ થયેલો છે. બર્જેસે પણ લખેલું છે કે કૂવાના સામે છેડે પથ્થરના સ્તંભો હતા, જે હાલમાં નથી. ભવ્ય તોરણ તેમજ નકશીકામવાળા દરવાજા હતા, જે જોવામાં આવતા નથી.

વાવનું આયોજન જોઈશું તો પૂર્વાભિમુખી વાવના પ્રવેશદ્વાર પાસે ચાર પગથિયાં આવે છે. એની પાસે ખુલ્લી જગ્યા, બાદમાં માંડવી, પાછી ખુલ્લી જગ્યા, બાદમાં માંડવી, ત્યારબાદ ઓરડી કૂવા પાસે છે. આમ એક એક તળમાં ત્રણ ત્રણ માંડવીઓ છે, જે સાત માળ સુધી હતી. આ માંડવીઓ પૂર્ણકુંભ-ચિત્રિત થાંભાઓ ઉપર કીચકના ગોખલા મૂકી, એના ઉપર લાંબા પથ્થરો ગોઠવી, છજું કાઢી, એના ઉપર સ્તંભો ગોઠવી રચેલી છે.

આ વાવની શરૂઆતમાં ચાર પગથિયાં બાદ ૫.૩૫ મીટરનો એટલે કે અઢાર ફૂટનો પહોળો પગ-થાર, ત્યારબાદ સત્તરેક પગથિયાં બાદ ૧.૪૫ મીટરનો એટલે કે પાંચ ફૂટનો પહોળો પગથાર આવે છે. આ પગથારોનું આયોજન વાવમાંથી જળ લઈ જતી પહેણી પનિહારીઓ પોતાનાં ઘડા યા બેડાં મૂકીને વિશ્રાંતિ અર્થે થોડો સમય બેસે એ માટે કહી શકાય.

હવે રાણીની વાવને જોવા અંદર એના પૂર્વ દિશાના પ્રવેશદ્વારથી પ્રવેશીશું, પરંતુ ઊતરતાં પહેલાં સમસ્ત વાવનાં શિલ્પોને નિહાળવા, ક્યાં ક્યાં શિલ્પો કઈ દીવાલમાં ક્યાં ક્યાં આવેલાં છે એ જાણવા જોવા સરળતા ખાતર, સમજવાના હેતુથી એના પ્રવેશદ્વારથી માંડી કૂવા સુધીના અંતરના સાઠ ફૂટના ત્રણ ભાગ પાડીશું અને ચોથો ભાગ કૂવાનો ગણીશું, જે પશ્ચિમ દિશામાં જ એટલે આપણે વાવની ઉત્તર-દક્ષિણ દિશાની દીવાલોને પણ ત્રણ ભાગ વહેંચીશું. જેવા કે દીવાલની સૌથી ઉપરનો ભાગ, વચ્ચેનો ભાગ અને છેક નીચેનો ભાગ. મુખ્ય પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં હોઈ ત્યાં કશું જ નથી. પ્રવેશતાં આપણે સૌ-પ્રથમ ડાબા હાથની દીવાલ-જે દક્ષિણ દિશા ગણાય છે તે દીવાલ-ઉપરનાં શિલ્પો જોતા જોતા જઈએ. શરૂઆતના સાઠ ફૂટના ભાગની દીવાલ ઉપરના સૌથી ઉપરના ભાગમાં વિષ્ણુ અને પાર્વતીની મૂર્તિઓ આવે છે. દીવાલનો વચલો તથા છેક નીચેનો ભાગ ખાલી છે. ત્યારબાદ બીજા સાઠ ફૂટના વચલા ભાગમાં દીવાલની સૌથી ઉપરના ભાગમાં શિવ-પાર્વતી નંદી ઉપર બેઠેલાં છે. દીવાલની વચ્ચેના ભાગમાં ભગવાન મહેશ, કુબેર ભંડારી, ધન્વંતરિ, વિષ્ણુ ભગવાન, સાધુ, રક્તચામુંડા, યશોધરી ચામુંડા, ચામુંડા, અપ્સરાઓ, રૂપમંજરીઓ, જેમાંની એક કુંડળ પહેરતી, દર્પણ જોતી, સારંગી, વાડતી, સ્તન પકડેલ બાળક, સ્તનપાન કરાવતી, વિષ્ણુ સૂર્યદેવ ગણેશજી મહિષાસુરમર્દિની, મહિષા-સુરનો વધ થતાં એનું લોહી પીતું કૂતરું તેમજ નૃત્ય દશ્યમાં ભૈરવ અને છેક નીચેના ભાગમાં વિષ્ણુ, ત્યાંથી આગળ ત્રીજા સાઠ ફૂટના ભાગમાં ઓરડી નજીક દીવાલના સૌથી ઉપરના ભાગે વિષ્ણુ તથા અપ્સરાઓ છે. એની નીચે વચલા ભાગમાં અપ્સરાઓ છે. કોઈ આરતી લઈ જઈ રહી છે, તો કોઈ અગ્નિપાત્ર લાવી રહી છે. કોઈ ચામર ઢાળી રહી છે, તો કોઈ શંખ દ્વારા પૂજન કરે છે. કોઈ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંટડી વગાડી રહી છે, તો કોઈ વસ્ત્ર મૂકે છે. એની નીચે વિષ્ણુ ગણેશ અપ્સરા બ્રહ્મા-બ્રહ્માણી શંકર-પાર્વતી વિષ્ણુ-લક્ષ્મી દુર્ગા, વિરાટસ્વરૂપ વિષ્ણુ, મહેશ હરિહર લક્ષ્મી પાર્વતી વગેરેની પ્રતિમાઓ છે. આ ભાગની નીચે એટલે કે છેક નીચેના ભાગમાં વિષ્ણુ-લક્ષ્મી, રાક્ષસહંતા વિષ્ણુ. મહેશ ઋષિ તેમજ અપ્સરા, **બલરામ-અવતાર** કે જે શેષનાગના અવતાર સામાન્ય રૂપમાં ઊભેલ છે. એમના હસ્તમાં હળ દંડ અને શિર ઉપર નાગછત્ર છે. ત્યારબાદ નટરાજ, બાજુમાં **પરશુરામ-અવતાર** છે કે જે ફરસી લઈને ઊભેલા છે. ઋષિ, બાદમાં **બુદ્ધ-અવતાર** કે જે યોગી જેવા, લંગોટી પહેરેલ અને શિરકેશ ગુંચળાંવાળા અને ખભે ખેસ છે. એની સાથે **કલ્કિ-અવતાર** કે જેમણે શિર ઉપર મુકુટ અને છત્ર ધારણ કરેલ છે, હાથમાં આયુધ છે, પાછળ પરિચર છે. એ ઘોડા ઉપર વિરાજમાન થઈ અસુરોનો નાશ કરી રહ્યા છે. ત્યારબાદ ગરુડ ઉપર બેસી માળા ફેરવતી લક્ષ્મી, એની આજુબાજુ **નૃસિંહ-અવતાર તથા વરાહ-મસ્તક** છે. વરાહ-અવતારમાં સ્ત્રીરૂપ પૃથ્વી કંધા ઉપર બેસાડેલ છે. બાદમાં કેશવ ત્રિવિક્રમ નારાયણ પુરુષોત્તમ પ્રદ્યુમ્ન માધવ વિષ્ણુ વગેરે દેવો છે. ત્યાર-બાદ ઓરડીવાળો ભાગ આવે છે. આ ઓરડીવાળા ભાગના સ્તંભોમાં ઘટપલ્લવો અને એની નીચે સિંહ સાથે કુસ્તી કરતા મલ્લો છે. દરેક સ્તંભની વચ્ચે મલ્લો હાથીઓ સાથે દેખાડેલા છે. આ ઓરડી-ઓને અડીને કૂવો આવેલો છે. કૂવાની ત્રણેય દિશામાં દક્ષિણ પશ્ચિમ ઉત્તર એમ ત્રણેય બાજુ નજર ફેરવીશું તો સૌ-પ્રથમ ઉપરનો ભાગ વિષ્ણુ ભગવાનથી શરૂ થાય છે, ત્યારબાદ ગણપતિ, સિદ્ધેશ્વરી, શિવજીની ત્રણ પ્રતિમાઓ, ત્યારબાદ પુનઃ વિષ્ણુની ત્રણ પ્રતિમાઓ તેમજ કલાત્મક આઠ બ્રેકેટો અને ઉપરના ભાગે નવગ્રહ, અમૃત માટે લડતા દેવ-દાનવો તથા એની નીચે અમૃતમથનમાંથી પ્રાપ્ત થયેલ વસ્તુઓ પશુ વગેરે જોવા મળે છે. આ ઉપરાંત પોતપોતાની પત્નીઓ સહિત વિભિન્ન દેવતાઓની પ્રતિમાઓ, એની નીચે બ્રહ્મા વિષ્ણુ શિવ ગણેશ દિક્પાલ યમ વાયુ અગ્નિ કુબેર તેમજ વિષ્ણુની વિભિન્ન મૂર્તિઓ, ત્યારબાદ એકાદ રુદ્ર ઈશાન, શિવપ્રતિમાઓ, નૃસિંહ સર્પો વામન તથા બેઠેલી કન્યાઓ જોવા મળે છે. છેવટે જળ પાસે વિષ્ણુ ભગવાન ક્ષીરસાગરમાં અને નાભિકમળ ઉપર બ્રહ્મા પદ્માસનમાં બેઠેલા છે. છેક નીચે બધી જ માતૃકાઓ—દેવીઓ જોવા મળે છે. ઓરડામાં ઊભા રહી. કૂવાને જોયા પછી ઓરડીમાંથી બહાર નીકળી તમારા જમણા હાથની દીવાલના એટલે કે ઉત્તર દિશાની દીવાલના સાઠ ફૂટના ભાગમાં દીવાલના સૌથી ઉપરના ભાગે જોઈશું તો વિષ્ણુ ભગવાન અને અપ્સરાઓ તથા ઋષિ વગેરે છે.

એક અપ્સરા ક્રોધ ભરાતાં સાધુની દાઢી ખેંચી રહી છે, તો કોઈ પુરુષ અપ્સરાનાં વસ્ત્રો હરી રહ્યો છે, બાદ નાગિણી, બે ઘૂવડ પક્ષીઓ, શિવજી ભૈરવસ્વરૂપમાં, ત્યારબાદ અર્ધનારીશ્વર, ઋષિ દત્તાત્રેય, ત્યારબાદ પાર્વતી એક પગે ઊભાં રહી પંચાગ્નિતપ કરી રહેલાં છે, વૈકુંઠ સૂર્ય, ત્યાર-બાદ માતૃદેવીઓ, જેવી કે લક્ષ્મીદેવી ઇંદ્રાણી પાર્વતી દુર્ગા મહિષાસુરમાર્દિની, ત્યારબાદ વિષ્ણુ-અવતાર, વિષ્ણુ અને લક્ષ્મીદેવી, ત્યારબાદ અપ્સરા વગેરે. એ જ દીવાલ વચ્ચેના ભાગમાં જોઈશું તો બ્રહ્મા સરસ્વતી, રાક્ષસોનો સંહાર, અશોકવાટિકા, **નૃસિંહ-અવતાર** હિરણ્યકશિપુને મારી રહ્યા છે. એની ચારેય બાજુ વિષ્ણુના અવતારોનું રેખાંકન, દુર્ગા કાલિકા, ઊભા અને ઠીંગણા **વામન-અવતાર**, બુદ્ધ યોગી પરશુ લઈને ઊભેલા **પરશુરામ**, માથું વરાહનું અને શરીર માનવનું એવો **વરાહ-અવતાર**, વિષ્ણુ, નૃસિંહ અવતાર-નીચે પ્રહ્લાદ, બલરામ-અવતાર, કુબેર ભંડારી, ગણેશજી, સિદ્ધેશ્વરી, પંચાગ્નિતપ કરતાં પાર્વતી, લક્ષ્મી, નગ્ન અપ્સરા, ઋષિ, વિશ્વરૂપ વિષ્ણુજી, ગજેન્દ્રમોક્ષ,

[અનુસંધાન પાના ૨ ઉપર]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# જ્યારે ગુજરાતની ધરતી સોનું પકવશે

સરદાર સરોવર યોજના ગુજરાત માટે કામધેનુની જેમ દૂઝણી સાબિત થવાની છે.

સરદાર સરોવર યોજના અર્થાત્ ૪૩૭ વર્ષનું આયુષ, પ્રતદિન રૂા. ૪ કરોડની આવક, ૬ લાખ લોકોને કાયમી રોજગાર, ૧૩૧ શહેરો અને ૪,૭૨૦ ગામડાંઓનાં ૨,૯૫,૦૦,૦૦૦ લોકોની તૃષાતૃપ્ત, ૨૫,૦૦,૦૦૦ લોકોને સિંચાઇનો લાભ. ૧૮ લાખ હેકટર જમીને સિંચાઈ, ૪.૨૫ કરોડ વૃક્ષોનું વૃંદાવન, ૫૦૦ કરોડ યુનિટ વીજઉત્પાદ. ઉદ્યોગોના વીજ-કાપનો અંત, મત્સ્યોદ્યોગથી રૂા. ૧૮૫ કરોડનો ફાયદો, કૃષિક્ષેત્ર રૂા. ૯૦૦ કરોડનો લાભ, ૪૫ ટકા ખેતઉત્પાદનમાં વૃદ્ધ, આરોગ્ય સુધરશે, રણ અટકશે અને પર્યાવરણ મધુવન જેવું બની જશે, નળ સરોવર બનશે નવલું નજરાણું, ઘુડખર, કાળિયાર અને ઘુખમલ રીંછને અભયજીનવ, સૌરાષ્ટ્ર બનશે સુજલામ સુફલામ, રણ રોકાશે, પવિત્ર કિનારો પ્રવાસ-ધામ બનશે, દુષ્કાળને ગુડ બાય, રાજ્યનો આર્થિક વિકાશ થશે, સ્થાપિતોને નવજીવન મળશે, ગુજરાત નંદનવન બનશે.

## સરદાર સરોવર નર્મદા નિગમ, લિ.,

બ્લોક નં. ૧૨, પ્રથમ માળ,
સરદાર ભવન,
ગાંધીનગર-૩૮૦૨૧૦


મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૩-૧૯૯૧

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂંઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

For Private and Personal Use Only